ફેબ્રુઆરી-૨૦૨૬
વર્ષ : ૧૮
અંક : ૦૮
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength (માસિક)



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા પ્રેરિત ઓરિસ્સા પ્રા.સ. આયોજીત સમુહ ભાગવત જ્ઞાન યજ્ઞ પ્રસંગે ઉપસ્થિત મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી, પ્રભારી શ્રી ભુપેન્દ્રભાઈ પરમાર, શ્રી રસીકભાઈ પરમાર, પ્રા. પ્રમુખ શ્રી દિનેશભાઈ ટાંક અને અન્ય મહાનુભાવો...




જગન્નાથપુરી (ઓરિસ્સા) મધ્યે આયોજીત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના વાર્ષિક અધિવેશન પ્રસંગે ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી અને અન્ય મહાનુભાવો...

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028
Posted at S.O. BHUJ on 2nd of Every Month.







**Late Karmsinh Madhavji Tank**
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com



|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

વર્ષ : ૧૮ અંક : ૦૮ ફેબ્રુઆરી-૨૦૨૬

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)


## સર્વે સમાજબંધુઓને જય સમાજ...

ડીસેમ્બર-૨૦૨૫માં પુરી ખાતે ભગવાન શ્રી જગન્નાથજીના સાનિધ્યમાં ત્રિવેણી સંગમરૂપ ભવ્ય કાર્યક્રમ થઇ ગયો. જેમાં કલ્પનાથી વધારે બે હજારથી પણ વધુ લોકો ઉપસ્થિત રહ્યા. ભાગવત કથા, સગપણ સંમેલન અને વાર્ષિક અધિવેશન. આમ ત્રણે કાર્યક્રમ ખુબજ સફળ અને સારી રીતે પરિપૂર્ણ થયા. ધાર્મિક અને સામાજીક વાતાવરણમાં ઉપસ્થિત લોકોએ કાર્યક્રમોને માણ્યા. આયોજકો દ્વારા સુંદર અને સુચારૂ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ. કોઇપણ જાતની અવ્યવસ્થા વગર કાર્ય પૂર્ણ કરવા માટે કાર્યકર્તાઓ અને આયોજકોની દિવસ-રાતની મહેનત અને તૈયારી બદલ દરેક લોકો તેમજ મહાસભા તમામ આયોજકોનું સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ અને અધિવેશનનું સમાજ હિતમાં અવલોકન કરીએ તો આપણે કાર્યક્રમ માટે સક્ષમ છીએ અને આ કાર્યક્રમમાંથી નિત્ય કાર્યની દિશા બને તે દિશામાં હવે આગળ વધવું જરૂરી લાગે છે. બીજું મહાસભાના પ્રયાસોને આગળ લઇ જનાર મધ્યસ્થ કડી એટલે કે પ્રાદેશીક સમિતિ એની ભૂમિકા ઘણી નબળી જોવા મળે છે. તેને સક્રિય કરવી, ઝોનલ પ્રમુખોની પણ ભૂમિકાને પણ સક્રિય કરવી ખુબ જરૂરી છે. જ્યારે મીટીંગમાં પ્રતિનિધિઓની સક્રિયતા છે અને હજુ વધુ વધી શકે પરંતુ તે માટે વચ્ચેની કડી સક્રિય ભૂમિકા કરે તે અહેવાલો અને ઉપસ્થિતિ પરથી સ્પષ્ટ જણાય છે. ત્રીજી વાત મહાસભા ડીજીટલ ટેકનોલોજીના માધ્યથી છેવાળાના લોકો સુધી સીધા સંપર્ક સાધી શકે. સમસ્યાઓના નિવારણ માટેની ભૂમિકાનો વિચાર અને આયોજનની જરૂરત જણાય છે. તે માટે પણ કેટલા વિચારના અમલ માટે કેટલાક ઠરાવો થયા છે. તેને આગળ વધારવાના પ્રયત્નો જરૂર કરવામાં આવશે. ચોથી બાબત છે કે આપણી મહિલા પાંખ જુબજ સારી રીતે સક્રિયતાથી આગળ વધી રહી છે. સમાજ ઉત્કર્ષમાં અને સંગઠનમાં તેમનું પ્રેરણાદાયી રીતે સક્રીય અને સતત કાર્ય પ્રયાસ છે. તેમનું અભિનંદનીય કાર્ય છે. પરંતુ યુવા પાંખની વાત કરીએ તો તેમનું એટલું જ નબળો પ્રયાસ જણાય છે. તેઓ દ્વારા પણ સક્રિય કામગીરીની આવશ્યકતા છે તે સીધું ધ્યાનમાં આવે છે. તે માટે પણ સક્રિય અને સતત કાર્યક્રમો કરવાની આવશ્યકતા ઉપર વિચાર થાય તે જરૂરી છે. (અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર વાંચવું)


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

**મહાસભા વેબસાઇટ**
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com



ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા


પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079


સહ વીર્યં કરવાવહૈ


વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644




## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું વાર્ષિક અધિવેશન, અ.ભા.મહિલા મહામંડળની સામાન્ય સભા, અ.ભા.યુવા મહામંડળની સામાન્ય સભા, અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન, સમુહ ભાગવત જ્ઞાનયજ્ઞ જેવા અનેકવિધ સમાજોપયોગી કાર્યોને સંપૂર્ણ સફળતા અપાવતું જગન્નાથ ભગવાનના સાનિધ્યમાં સંપન્ન થયેલ જ્ઞાતિ ગંગાના સુંદર મેળાવળા સ્વરૂપ મહાકુંભાના દર્શન કરી ધન્યતાનો ભાવ જાગૃત થયો.

પૂર્વ પ્રમુખશ્રી અને મહાસભાના સલાહકાર શ્રી ભુપેન્દ્રભાઇ પરમારના નેતૃત્વમાં પૂર્વ ઓરિસ્સા પ્રા. પ્રમુખશ્રી દિનેશભાઇ ટાંક અને તેમની ટીમ, પશ્ચિમ ઓડિસ્સા પ્રા. પ્રમુખ શ્રી નિતિનભાઇ વરૂ, કિશોરભાઇ ટાંક અને તેમની ટીમ તથા રાયપુર ઘટકના શ્રી રસીકભાઇ પરમાર, શ્રી ભરતભાઇ ચાવડા, ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ ગોહિલ તથા તેમની પુરી ટીમ, શ્રી હિતેશભાઇ વરૂ, વિનોદભાઇ ટાંક, ધીરૂભાઇ પરમાર, શ્રી રમેશભાઇ ચાવડા અને મને નામ પણ ન આવડતા હોય તેવા અસંખ્યા કાર્યકરોની સેવાને સમસ્ત મહાસભા વતી નમન... વંદન કરૂં છું. આવી જ રીતે હરહંમેશ સમાજ સંગઠનના સેવારૂપી યજ્ઞમાં આપનું યોગદાન આપતા રહેશો તેવા આશિર્વાદ સહ ધન્યવાદ પાઠવું છું.

ભગવાન શ્રી જગન્નાથ મંદિર પ્રશાસને પણ સારો સહયોગ આપ્યો તે બદલ તેઓનો પણ આભાર વ્યક્ત કરૂં છું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન દરેકને સુંદર આવાસ-ભોજન વ્યવસ્થાના દર્શન કાર્યકરોની ખંત પૂર્વકની મહેનતનું પરિણામ જોવા મળ્યું હતું. જ્યાં આપણા સમાજનો કોઇ વસવાટ ન હોય અને સદાય માનવ મહેરામણ ઉમટતો હોય તેવા ભગવાન જગન્નાથના પુરી ધામમાં આઠ દિવસની સેવા પધારેલા દરેકે દરેક સમાજબંધુઓ અને ભાગવતજીના યજમાનશ્રીઓ માટે એક ઐતિહાસિક અને સુખદ સંભારણું બની રહેશે તેવો વિશ્વાસ ધરાવું છું.

શ્રી ભાગવતજી ભગવાનના સાનિધ્યમાં સુંદર શામિયાણાની વ્યવસ્થા અને મેન્ટર ભાઇઓ-બહેનોના સહકારથી સગપણ સંમેલનને એક અલગ અંદાજમાં પ્રસ્તુત કરવા માટે મેરેજ બ્યુરો સમિતિ અને સૌ ભાઇઓ-બહેનોને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું. પ્રતિનિધિ ભાઇ-બહેનો માટે બંધાવેલ ખાસ સભામાં લગભગ ૧૫૦ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી સમાજ ઉત્કર્ષની ચર્ચા કરી હતી. મહાસભા લેવલે થતાં કાર્યો અને પ્રવૃત્તિઓની જાણકારી આપવામાં આવી હતી અને સુચનો પણ લેવામાં આવ્યા હતા. જેના પર કારોબારી મીટીંગમાં પણ ચર્ચા કરી નિર્ણય લેવામાં આવ્યા હતા. જેને સામાન્ય સભામાં રજુ કરી બંધારણીય સામાન્ય સભામાં સર્વાનુમતે બહાલી મેળવી હતી.

શ્રી જગન્નાથ ભગવાનના પવિત્ર ધામમાં દેશ-વિદેશ સમન્વય સમિતિના પ્રભારી શ્રી પ્રવિણભાઇ વેગડના માર્ગદર્શનમાં સહપ્રભારી શ્રી કેતનભાઇ પ્રભુલાલભાઇ ચાવડા (સિનુગ્રા) - ઓસ્ટ્રેલિયામાં રહીને આપણા સમાજની વિરાસત અંગે બનાવેલ છ એપિસોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સમાજબંધુઓએ તેમનો એક ઓડિયો એપિસોડ નિહાળી પ્રચંડ કરધ્વની સાથે વધાવ્યો હતો. એક અન્ય નિર્ણય લઇ યુ-ટ્યુબ પેજ બનાવી આવી પ્રવૃત્તિઓને યુ-ટ્યુબના માધ્યમથી લોકો સુધી પહોંચાડવા નક્કી કરવામાં આવ્યું હતું. મહાસભાના મીડીયા મંત્રી શ્રી ગૌરવભાઇ ચાવડાએ યુ-ટ્યુબ પેજ બનાવીને તેનું પણ લોકાર્પણ કરાવ્યું હતું.

દરેક સમાજબંધુઓને આ યુ-ટ્યુબ પેજ સબસ્ક્રાઇબ કરી લેવા વિનંતી કરૂં છું. તેમાં આપવામાં આવતી માહિતિ અપલોડ કરવા માટે પણ નિષ્ણાંત ટીમને કામે લગાડવામાં આવશે અને આધારભૂત માહિતિ સમાજબાંધવો સુધી પહોંચે તેની તકેદારી રાખવામાં આવશે. એક અન્ય રજુઆતના સંદર્ભમાં સેતુ સમાજ સંદેશના ઓડિયો વર્ઝન પણ યુ-ટ્યુબના માધ્યમથી બહાર પાડવા પ્રયાસ કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

આયોજન પ્રભારી



ભુપેન્દ્ર વિશનજી પરમાર
(રાઉરકેલા)

# આયોજન સમિતિ

77 પોથીજી
ભાગવત કથા
17 થી 23 ડિસમ્બર 2025

મન મેળાવડા સાથે માળશું ...
વાર્ષિક અધિવેશન
21 થી 23 ડિસમ્બર 2025

જોડાશું દિલથી સુત્ર સાથે ...
મંગળ પરિચય
21 થી 22 ડિસમ્બર 2025

## આયોજન સહ પ્રભારી



દિનેશ નાનાલાલ ટાંક
(કટક)



નિતિન માધવજી વરૂ
(રાઉરકેલા)

## આયોજન સભ્યશ્રી



ભરત ચાવડા
(રાયપુર)



હેમન્ત ગોહિલ
(રાયપુર)



સિદ્ધાર્થ રાઠોડ
(કટક)



ભરત રાઠોડ
(રાયપુર)

## કૉઑર્ડિનેટર



પ્રકાશભાઇ ટાંક
(કટક)

## કો કૉઑર્ડિનેટર



હેમન્ત ચૌહાણ
(બિલાસપુર)



અતુલ ચાવડા
(ભુનેશ્વર)



વિનોદ ટાંક
(રાયપુર)
આવાસ વ્યવસ્થા



યુધીર વરૂ
(રાયપુર)



ધીરજલાલ પરમાર
(રાયપુર)





ભરત ચાવડા, દિનેશ ટાંક
ભાગવતજી વ્યવસ્થા





હિતેશ વરૂ, જયમિત ટાંક
અધિવેશન વ્યવસ્થા



અમિતાબેન સોલંકી
મૈરેજ બ્યુરો પ્રભારી



ગૌરવ ચાવડા
મંગળ પરિચય વ્યવસ્થા

**સૌજન્ય - શ્રીરામ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીજ- માધાપર**





# શ્રી જગન્નાથધામ પુરી માં સમાજનું ત્રિવેણી સંગમ

ભાગવતજીના આધ્યાત્મ આનંદ સાથે મહાસભાની પ્રસાશનિક ગતિવિધિયોં અને સગપણ સમ્મેલનની ઉળેપ સમેટતા **ત્રિવેણી સંગમ** સ્વરૂપ આયોજનથી મેળવી સમાજની એકજુટતા અને સંગઠનનું અલખ.

કચ્છ અને છત્તીસગઢમાં વસતા પરંપરાગત બહુતાયત વસ્તીથી બારે **ઓડિસા પ્રાદેશિકના** પ્રથમ આયોજનમાં 3000થી વધુ સમાજબંધુઓની ઉપસ્થિતિથી દીપી ઉઠેલ આયોજન, યોજન સમયે એવું પ્રતિત થઇ રહ્યું હતું કેમ સંભવ થશે ? અસંભવ જ ગણાતું આયોજન ભગવાન શ્રી જગન્નાથ પ્રભુની કૃપા અને આયોજન સમિતિના દઢ સંકલ્પ, સેવાભાવે સફળતાના શિખરે ચડ્યું. આધ્યાત્મિક, સામાજીક, પરિચયનું **ત્રિવેણી સંગમ.**

પ્રારંભિક યોજન સમયે બે-બે મુખ્ય યજમાનશ્રીઓના પાછળ હટ કરવા બાદ આયોજન થવા ઉપર જ પ્રશ્નચિન્હ હતો ! 21પોથી તકનું ભાગવત કથા કરશું ને કરશું ના ભાવ સાથે શ્રી જગન્નાથ પુરી જેવા ધામ અને ટૂરિસ્ટ સ્થળોના 7-8 દૌરા કરી આયોજન માટે સ્થળોનું નિરિક્ષણ થયું. ત્રણ-ચાર આયોજન સ્થળો બદલાયા, અંતે 51 પોથી આવતા જે બજટ થાય તેમા માત્ર ત્રણ હજાર ફુટના હોલમાં ભાગવતજી કરવાનું અંતિમ નિર્ણય પણ થઇ ગયો ...પણ ભગવાન દ્વારકાધીશની ઇચ્છા કંચ વધુની જ હતી અને અંતિમ 25 દિવસ પહેલા ચમત્કાર થયો અને પોથી સંખ્યા 77 સુધી પહોંચી ત્યારે સાફ સમજાયું કે આ બજટ અને આ સ્થળે આયોજન ન થાય... રાયપુરથી પુરીનો પ્રવાસ ફરી એકવાર ગોઠવાયો કટક, ભુભનેશ્વર, અંગુલ જેવા ઘટકોથી આયોજકો આવ્યા અને શ્રી જગન્નાથધામ મંદિરના નજીક બાગલા હેરિટેજનું વર્તમાન 50 હજાર વર્ગ ફીટનું વિશાળ સ્થળને ફાઇનલ કરી આયોજનને અંતિમ ઓપ આપવાની તૈયારીઓ પ્રારંભ થઇ. જે તૈયારીઓ 500 સમાજબાંધવોના આગમન પરિકલ્પનાથી પ્રારંભ થઇ હતી એ લગભગ 3000 સમાજબાંધવોના આતિથ્યે આગમનથી દીપી ઉઠી.

**77 પોથીજી**
**ભાગવત કથા**
17 થી 23 ડિસમ્બર 2025

મન મેળાવડા સાથે માળશું ...
**વાર્ષિક અધિવેશન**
21 થી 23 ડિસમ્બર 2025

જોડાશું દિલથી સુત્ર સાથે ...
**મંગળ પરિચય**
21 થી 23 ડિસમ્બર 2025

ભારતવર્ષના પુર્વી સમુદ્ર તટે સ્થિત શ્રી જગન્નાથધામ પુરીમાં સમાજનું એક પણ ઘર ન હોવાથી બધાજ કાર્યો કટક અને ભુનેશ્વરથી સંચાલિત કરવા પડી રહ્યા હતા એકો એક વસ્તુઓની ખરીદી સુધા પણ. આયોજનના અંતિમ ત્રણ દિવસે મંગળ પરિચય અને અધિવેશમાં પધારેલ અતિથિ

સૌજન્ય - શ્રીરામ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીજ- માધાપર



સહ વીર્યં કરવાવહૈ

## પુરીધામ ઓડિસા

વધતી જતી સંખ્યાને ધ્યાન કરી રાશન ખરીદી જેવા કાર્ય પુરીધામથી જ કરાવા પડ્યા. આયોજન વ્યવસ્થા એટલી ચુસ્ત-દુરૂસ્ત અને વહીવટી હતી કે લોકોને કોઇ પણ અવ્યવસ્થાઓ આભાસ જ ન થયો પધારેલ અતિથિઓને તો એમ જ લાગ્યું કે સંપુર્ણ વ્યવસ્થા પહેલાથી ગોઠવાયેલ હશે.

ભારતવર્ષના પુર્વી સમુદ્ર તટે સ્થિત ઓડિસાના શ્રી જગન્નાથધામ પુરીમાં ક્રિસમસ, ન્યૂ ઇયરનો સમય હોવાથી ટૂરિસ્ટ લોડ વધતા અમારી માટે આવાસ વ્યવસ્થા ઘણી મોટી અને મોંઘી ચુનૌતી હતી અને વિશેષ કેટલા સમાજ બાંધવો પધારશે એમની ગણના વગર રૂમોને બુકિંગ કરવું મતલબ આયોજન માટે આવેલ સિમિત દાનના પૈસાનું પાણી કરવું... આ બધી પરિસ્થિતિને પણ વિવેક પુર્ણ વહીવટ સાથે એવી રીતે પુર્ણ કરી કે એક પણ અતિથિ વ્યવસ્થાઓથી અસંતુષ્ટ હોય એવા સમાચાર ન મળ્યા, રૂા. નો દૂરઉપયોગ પણ ન થયો વરન્ નબળા વર્ગના પધારેલ ભક્તો માટે આવાસ વ્યવસ્થા પણ નિ:શુલ્ક કરી.



આવાસની અભૂતપુર્વ વ્યવસ્થાઓની સાથે આઠે દિવસનું નિ:શુલ્ક સુસ્વાદિષ્ટ ભોજન સર્વ સમાજબાંધવોની સંતુષ્ટિનું મુળ કારણ રહ્યું, રાયપુરથી ગયેલ રસોડાની અનુભવી ટીમ સાથેના રસોઇયાઓએ, કટકથી ખરીદાયેલ ઉચ્ચકોટિના રાશનને સુસ્વાદિષ્ટ ભોજન પ્રસાદનો સ્વાદ આપ્યો. દાતાશ્રીઓના સહયોગથી ચાલતા ભોજન પ્રસાદ માં ભુનેશ્વરના સ્પેશલ રસગુલ્લા હોય કે પુરીનું વિશેષ મિષ્ઠાન છેનાપુડા હોય સાથે રોજ રોજ અલગ અલગ બનતા દુધપાક, માવાબાટી, દુધીનો હલવો, મોહનથાર, દેશી ઘીના અડદીયાનો આનંદ સમાજબાંધવો માટે સ્મૃતિશેષ બની રહ્યું.

ભાગવતાચાર્યશ્રી નરેશભાઇ રાજ્યગુરૂ (દ્વારકા/મુંબઇ,ભાયંદર) ના મુખારવૃંદે થતી ભાગવત કથાના સાથે તેમના મોટા અનુજ હરિગુણ ગાયક શ્રીયુત હરેશભાઇનું કર્ણપ્રિય સંગીત કથાને અમૃત રસથી સરાબોર કરી ગયું. ભગવદીય શ્રોતાઓની મેદનીએ હરિગુણ રસ સાથે અભુતપુર્વ આનંદ કરતા રાસગરબાના રમઝટની દિવ્યાનંદાભુતિ મેડવી. સાત દિવસની કથાના આલોકિક પ્રસંગોની ઉત્સવ રૂપ ઉજવણી શબ્દે વર્ણી ન શકાય, ન સાહિત્યક લેખનીએ બાંધી શકાય એ તો સાક્ષાત અનુભવી જ શકાય બસ. હવન પુર્ણાહુતિ બાદ પિતૃ મોક્ષનો મહાયજ્ઞ યજનાશ્રીઓના સંતોષભાવ સાથે જ્યારે પુર્ણ થયું ત્યારે અમો આયોજન સમિતિએ પણ

સૌજન્ય - શ્રીરામ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીજ- માધાપર




સહ વીર્ય કરવાવહે



સંતોષ અને લાગણીઓના ભાવ ની અનુભૂતિ લીધી.

કથા સાથે જ 21 અને 22 ડિસેમ્બર 2025 ના મહાસભાની ત્રણેય પાંખોના વાર્ષિક અધિવેશનો પ્રારંભ થયા. મુખ્ય વ્યાસપીઠ ઉપરથી ભાગવતાચાર્યશ્રી નરેશભાઇ ના હાથે ધર્મધ્વજા ગ્રહણ કરી મહાસભા પ્રમુખશ્રીએ અધિવેશન સુપ્રારંભની ઘોષણા કરી. બપોરના ભોજનનાંદ બાદના સત્રમાં બૈઠક પ્રતિનિધિ સભા નિલાદ્રી ભવનમાં પ્રારંભ થઇ સામાન્યત: આવી સભામાં 30-40 સભ્યોની હાજરી પણ ન હોય પણ પ્રથમ વાર લાઇવ પ્રસારણના માધ્યમથી ઘર ઘરે પહુંચતી આ પ્રતિનિધિ સભામાં ઉપસ્થિત સભ્યોથી પુરો હૉલ પૈક હતો. અ.ભા. મહિલા મહામંડળની પણ વધુ પડતી ઉપસ્થિતને ધ્યાન કરી સભા સ્થળ માટે નાના પડતા હૉલને મુકી મહાસભા માટે નિર્ધારિત મોટા હૉલમાં સમય જોગ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, મહાસભાના હોદ્દેદાર હોય અથવા મહિલા મહામંડળ અથવા યુવા મહામંડળના હોદ્દેદારશ્રી હોય સવારે કથાનાંદ સાથે સંસ્થાના પ્રસાશનિક કાર્ય અને મિટિંગોના આયોજનમાં શાંતિપૂર્ણ સારગર્ભિત ચર્ચા અને નિર્ણયોને પૂર્ણતા આપવા બાદ પુરી, કોર્ણાક ભ્રમણાનંદ સાથે શ્રી જગન્નાથ ભગવાનના દર્શન લાભ મેડવી જીવન ધન્યતાનુભવી રહ્યા હતા. આયોજન સમિતિ દ્વારા આગંતુકોને દર્શન કરાવવા વિશેષ વ્યવસ્થા હતી.

વાત મંગળ પરિચય સમ્મેલનની કરીયે તો, જગન્નાધામ પુરી જેવા સ્થળે વ્યવસ્થાઓ કેમ ઉભી થશે અને થશે ભી તો ભારતના અંતિમ પુર્વી તટે આવશે કોણ? આ હીચકે અને વિચારે નિર્ણય કરવામાં એક-બે મહિનાનો સમય નિકડી ગયો...

પણ ભગવાન જગન્નાથની કૃપાયે સમય રહતા સહી નિર્ણય સાથે ઉમ્મેદવાર પાત્રો અને માવિત્રોના હિતકારી આયોજન માટે અનુમતિ આવી અને આયોજન નિર્ધારિત થયું આ લેખ ના શબ્દો સગર્વ લખાય છે કે 650 થી વધુ પડતા રજીસ્ટ્રેશનમાં 472 સક્રિય પાત્રોએ ન કેવલ વિશ્વાસ મુક્યો વરન્ જગન્નાધામ પુરી આવી આયોજનનો પ્રત્યેક્ષ લાભ પણ મેડવ્યો, અદ્યતન નવી ટેકનોલાજીનો ઉપયોગ સાથે દેશ વિદેશમાં વસતા અને ન આવી શકતા પાત્રોને પણ આયોજન સાથે સાંકણીયા અને એલ.સી.ડી. સ્ક્રીનના માધ્યમથી ઑન લાઇન જોડી પરિચય લાભ આપ્યો.

સૌજન્ય - શ્રીરામ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીજ- માધાપર

# અદ્ભૂત, અનેરૂં, અવિસ્મરણીય, આધ્યાત્મ આનંદ
# પવિત્ર, પાવન, કલ્યાણક ભૂમિ શ્રી જગન્નાથ ધામ પુરીમાં...

## આભાર ...



- સમાજ રત્નશ્રીને આયોજન અનુમતિ અને પીઠબળ આપવા...
- ઓડિસા પ્રાદેશિકને આયોજન ભાર ઝીલવા સાથે હસ્તા મુખે આતિથ્ય સેવા આપવા...
- નમન રાયપુર ઘટકને અનુભવ સાથે સહકારીત સેવા સહયોગ આપવા...
- સાધુવાદ યજમાનશ્રીઓને, ઉમ્મેદવાર પાત્રો અને મહાસભાની ત્રણે પાંખના હોદ્દેદારશ્રીઓને વિશ્વાસ રાખી આયોજને જોડાવવા...
- સાધુવાદ લાખો-લાખો રૂા. નો માતબર સહયોગ આપનાર દાતાશ્રીઓને જેમના થકી પુરીધામમાં પધારેલ લગભગ 3000 હજાર જેટલા સમાજ બંધુઓની સાક્ષાત હાજરીમાં સમાજનું સાંસ્કૃતિક... આધ્યાત્મિક... અને સેવા કાર્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન થયું...

આયોજન સાથે પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રૂપે સંકળાયેલ દરેકે-દરેક ઘટકો, પ્રાદેશિક અને મહાસભાની વિધ પાંખોના હોદ્દેદારશ્રીઓ અને વાહ્લા સમાજબાંધવોની સાથે આપણી મહાસભાના આદરણીય પ્રમુખશ્રી-સમાજ રત્ન શ્રીયુત વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, વરિ ઉપપ્રમુખશ્રી-મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી(માધાપર) સાથે, મહાસભાના પૂર્વ પ્રમુખશ્રી, આયોજન પ્રભારી- શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર(રાઉરકેલા) ના સાથો-સાથે આયોજન ભાર ઝીલતા પૂર્વ ઓડિસા પ્રાદેશિક પ્રમુખશ્રી દિનેશભાઇનાનાલાલ ટાંક(કટક), શ્રી નિતિનભાઇ વરૂ (રાઉરકેલા) ની અને તેમના પ્રાદેશિકે આવતા ઘટકો કટક, ભુવનેશ્વર,અંગુલ, કેંજોરગઢ, બાલેશ્વર, બ્રહ્મપુરની ટીમને નમન... આયોજન વિચારક, પ્રણેતા અને કાર્યબળ મહાસભાના માનદ સભ્ય શ્રીયુત રસિકભાઇ વિશ્રામભાઇ પરમાર, (રાયપુર)ને કોટિ કોટિ વંદન...સાધુવાદ. જય જગન્નાથ... જયશ્રી કૃષ્ણ... ભાગવત ભગવાનની જય... જય સમાજ.

ગ્રાફિક્સ, આલેખ અને શબ્દ સંયોજન -
**ભરત હીરજીભાઇ ચાવડા**
ઉપપ્રમુખશ્રી-મહાસભા, પ્રમુખશ્રી-શ્રી ક્ષત્રિય જ્ઞાતિ સેવા સમિતિ, રાયપુર

## પુરીધામમાં મંગળ પરિચય સમ્મેલન-2025






**સૌજન્ય - શ્રીરામ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીજ- માધાપર**

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા આયોજીત ભાગવત કથા, વાર્ષિક અધિવેશન એવં મંગળ પરિચયની તસવીરો






















## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા આયોજીત ભાગવત કથા, વાર્ષિક અધિવેશન એવં મંગળ પરિચયની તસવીરો



## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા આયોજીત ભાગવત કથા, વાર્ષિક અધિવેશન એવં મંગળ પરિચયની તસવીરો



# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા આયોજીત ભાગવત કથા, વાર્ષિક અધિવેશન એવં મંગળ પરિચયની તસવીરો



# શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ, દુર્ગ ઘટક

રજી.નં. 1944

## દુર્ગ ઘટકના નવા ભવ્ય, બહુઉદ્દેશિય સુસજ્જીત સમાજ ભવન નિર્માણ હેતુ દાનદાતાઓંની યાદી



**₹7,02,000**



**સ્વ. શ્રી પુરૂષોત્તમભાઈ વિશનજીભાઈ ટાંક**
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
ગં.સ્વ. પ્રવિણાબેન પુરૂષોત્તમભાઈ ટાંક
પંકજભાઈ પુરૂષોત્તમભાઈ ટાંક
વિપુલભાઈ પુરૂષોત્તમભાઈ ટાંક
દેશમા ગામ- નાગલપર, હા.મુકામ- કોટમી, દુર્ગ

**₹5,51,000**



**સ્વ. શ્રી રમણીકલાલભાઈ મુલજીભાઈ ચૌહાણ**
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
ગં.સ્વ. ઉર્મિલાબેન મુલજીભાઈ ચૌહાણ
કેશવજીભાઈ મુલજીભાઈ ચૌહાણ
ઉમેશભાઈ મુલજીભાઈ ચૌહાણ
સંજયભાઈ મુલજીભાઈ ચૌહાણ
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- આર્યનગર, દુર્ગ

**₹ 3,00,111**



**શ્રી દિલખુશભાઈ વરજાંગભાઈ પરમાર**
દેશમા ગામ- ગળપાદર, હા.મુકામ- દુર્ગ

**₹ 1,81,111**



**સ્વ. પ્રાગજીભાઈ પ્રેમજી ભાઈ જેઠવા**
**સ્વ. રુખમની બેન પ્રાગજીભાઈ જેઠવા**
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
શ્રી અમૃતલાલભાઈ પ્રાગજીભાઈ જેઠવા
દેશમા ગામ- અંજાર, હા.મુકામ- ગજાનન નગર, દુર્ગ

**₹ 1,11,000**



**શ્રી રાજેશભાઈ અમૃતલાલભાઈ મારૂ**
દેશમા ગામ- દેવરિયા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 5,111/-**
**શ્રી ઓમપ્રકાશભાઈ ગોકુળભાઈ ચૌહાણ**
દેશમા ગામ- દિવરીયા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 5,000/-**
**શ્રી બંશીલાલભાઈ જગમાલભાઈ સોલંકી**
દેશમા ગામ-રેહા, હા.મુકામ- દુર્ગ

સર્વે ભામાશાહો,
ઉદાર દિલ દાનદાતાઓં, સેવાભાવી સમાજ બાંધવોંને હૃદયનાં અંતઃકરણથી નમન-વંદન-અભિનંદન અર્પિત કરીયે છીએ... આપ સર્વેના આ મહાદાનનેં અમારા દુર્ગ ઘટક વતી આભાર... આભાર..... આભાર.....

**બહુઉદ્દેશીય-ભવ્ય સમાજ ભવનના નિર્માણનુ કાર્ય પણ વૃહદ છે...**
**ફુલ અને ફુલની પાંખડી રૂપી આર્થિક સહાયની અપેક્ષાઓં સાથે....**

**....પીસેગાંવ, દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં સમસ્ત સભ્યગણોં.....**

**વિશેષ-** બહાર ગામથી કાર્ય હેતુ આવતા સમાજ બાંધવો માટે દુર્ગ સમાજ ભવનમા વ્યાજબી શુલ્ક સાથે રોકાવાની સગવડ ઉપલબ્ધ છે

માનવંતા દાનદાતાઓંની શેષ યાદી આવતા અંકમા સાદર જાહેર કરવામાં આવશે....(યાદી અપૂર્ણ)

RAJUL #8839402752



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




**કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ
રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,
ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)
મો. ૯૩૦૦૬૮૮૭૬૩

**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી પાર્થ જશવંતરાય ચાવડા
જુના વાસ, પો. ચંદીયા,
તા. અંજાર (કચ્છ)
મો. ૯૯૯૮૦૮૭૩૩૯
Pjchavda94@gmail.com


## રાયપુર કાર્યાલય

| આવક | ડિસેમ્બર-૨૦૨૫ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧,૧૯,૭૫૬.૨૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| બચત ખાતાથી વ્યાજ | ૩૭૪.૦૦ | લીગલ ખર્ચ | ૧,૧૦,૦૦૦.૦૦ |
| આકસ્મિક સહાય | ૫૩,૧૦૩.૦૦ | અધિવેશન ખર્ચ (પુરી) | ૧,૫૦,૦૦૦.૦૦ |
| મેરેજ બ્યુરો પાત્ર રજીસ્ટ્રેશન ફી | ૨,૪૨,૦૦૦.૦૦ | આકસ્મિક સહાય | ૮૬,૦૫૮.૦૦ |
| | | મહાસભા આકસ્મિક સહાય ફંડ | ૩૩,૯૪૨.૦૦ |
| | | અધિવેશન આયોજન સમિતિ (પુરી) | ૨,૪૨,૦૦૦.૦૦ |
| | | કુલ બચત | -૨,૨૯,૭૬૬.૮૦ |
| કુલ | ૪,૧૫,૨૩૩.૨૦ | કુલ | ૪,૧૫,૨૩૩.૨૦ |

## સંજીવની-અન્નપુર્ણા

### આવક (સંજીવની) (ડિસેમ્બર-૨૦૨૫)

| ક્રમ | રકમ | નામ | પહોંચ નંબર |
|---|---|---|---|
| ૧ | ૩,૦૦૦ | શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ - અંજાર | ૩૮૩ |
| ૨ | ૧૧,૦૦૦ | સ્વ. કાન્તાબેન કરમશીભાઇ ચૌહાણ - સંબલપુર | ૩૮૪ |
| ૩ | ૫,૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ | ૩૮૫ |
| ૪ | ૧૧,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૩૮૬ |
| ૫ | ૧,૦૦૦ | શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૩૮૭ |
| ૬ | ૫૦૦ | શ્રી પ્રતિકકુમાર નિતિનભાઇ વરૂ - રાઉરકેલા | ૩૮૮ |
| ૭ | ૨,૦૦૦ | શ્રી રાઘવકુમાર અશોકભાઇ ટાંક - નાગપુર | ૩૮૯ |
| ૮ | ૨,૧૦૦ | કર્નલ સત્યાન ડી. રાઠોડ સર - અમદાવાદ - પુના | ૩૯૦ |
| ૯ | ૨૫,૦૦૦ | શ્રીમતી હર્ષાબેન દિલીપભાઇ ચાવડા - રાયપુર | ૩૯૧ |
| ૧૦ | ૧,૦૦૦ | શ્રી સુભાંષુભાઇ સાવરીયા - પૂના | ૩૯૨ |
| ૧૧ | ૨,૧૦૦ | શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર - બાલાઘાટ | ૩૯૩ |
| ૧૨ | ૨,૧૦૦ | શ્રીમતી લેખાબેન બકુલભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૩૯૪ |
| ૧૩ | ૫,૫૦૦ | શ્રી ગિરીશભાઇ ચાવડા - રાજનાંદગાંવ | ૩૯૫ |
| ૧૪ | ૫૦૦ | શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ ચાવડા | ૩૯૬ |
| ૧૫ | ૬,૦૦૦ | શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ | ૩૯૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | ૪,૨૦૦ | શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પુના | ૩૯૮ |
| ૧૭ | ૫,૦૦૦ | શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ | ૩૯૯ |
| ૧૮ | ૧,૦૦૦ | શ્રીમતી અનસુયાબેન જેરામભાઇ પરમાર - કુકમા | ૪૦૦ |
| | | **આવક (અન્નપુર્ણા) (ડિસેમ્બર-૨૦૨૫)** | |
| ૧ | ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ | ૯૭ |
| ૨ | ૧૨,૦૦૦ | શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી - અંજાર | ૯૮ |
| ૩ | ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૯૯ |
| ૪ | ૬,૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલ જેઠવા - કલ્યાણ - યુ.એસ.એ. | ૧૦૦ |

| | **જાવક - (સંજીવની)** | | | **જાવક - (અન્નપુર્ણા)** | |
|---|---|---|---|---|---|
| ૧ | ૫,૦૦૦ | નાગલપર ઘટક | ૧ | ૯,૦૦૦ | જમશેદપુર ઘટક |
| ૨ | ૩,૦૦૦ | કુમ્હારી ઘટક | ૨ | ૯,૦૦૦ | મુંબઇ ઘટક |
| ૩ | ૧,૦૦૦ | ગળપાદર ઘટક | | | |
| ૪ | ૨,૦૦૦ | સેવા શુલ્ક | | | |
| ૫ | ૧૫,૦૦૦ | અંજાર ઘટક | | | |
| ૬ | ૨૫,૦૦૦ | જબલપુર ઘટક | | | |

## તંત્રી સ્થાનેથી... પેજ નં. ૩ થી ચાલુ....

ઉપરના કાર્યક્રમના અંતે ધ્યાનમાં આવેલા અવલોક પર શું કરી શકાય તેનો વિચાર મહાસભાના તમામ પદાધિકારીઓ એ જરૂરથી કરવો જોઇએ. તે માટે એટલું જરૂર કહીશ કે હાલના આપણા આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ કે જેઓ પણ ઘટકોના પ્રવાસ કરી બધા જ પ્રાદેશીક અને ઘટકના હોદ્દેદારોનું સન્માન અને તેમની પીઠ થાબડી સમાજ માટે સક્રીય કરવા માટેના પ્રયાસ કરી રહ્યા છે અને તેનું પરિણામ પૂર્વ ભારતના આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ રૂપી જોવા પણ મળ્યું. પરંતુ આ ઉભી થયેલ ઉત્સાહને ઉર્જા નિરંતર બની રહે તે જોવાનું કાર્ય મહાસભાના તમામ પદાધિકારીઓનું છે.

હું આશા રાખું છું કે, આપ સૌ આ વાતને જરૂરથી સમજશો અને પોતાની જવાબદારી સારી રીતે કરવાનો પ્રયત્ન કરશો. અમારો આ અંગે પૂરો સહયોગ છે અને રહેશે. પરંતુ કારણ સંજોગ સક્રીય નહી થઇ શકાય તો સ્વયં પોતાની જવાબદારીથી સમાજને નુકશાન ના થાય તે હેતુથી મુક્ત થઇ અન્ય સક્રિય વ્યક્તિ કરવા માંગતું હોય તેની ભલામણ કરી શકો છો. પ્રમુખશ્રીને સત્તા છે પરંતુ તેને ધ્યાનમાં આવશે ત્યાં વિચારશે અને બદલ કરશે પરંતુ આપણે પોતે જ પોતાનું મુલ્યાંકન કરીને સ્વૈચ્છીક પદ મુક્તિ કરશું તો સમાજની આ પ્રેરણાદાયી પહેલ થશે. જે બીજાને પણ દિશા આપનાર બનશે. દા.ત. પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે આર્થિક સંપન્ન લોકોએ ગેસ સબસીડી ન લેવા સ્વૈચ્છીક અસ્વીકૃતિ કરવી. અનેક લોકોએ સમર્થન કર્યું. આપણા સમાજમાં આવું ના બની શકે ?

અંતે આપણા સમાજ ગૌરવસમા ઇતિહાસને જુદા જુદા ૨૫ એપીસોડ દ્વારા ડીજીટલ પોડકાસ્ટ તૈયાર કરી એક એક વ્યક્તિ સુધી પહોંચે તે માટે જે ઉમદા કાર્ય કોઇપણ જાતના પદ વગર અને અપેક્ષા વગર અને કોઇના કહ્યા વગર આટલું ભવ્ય કાર્ય કરનાર યુવાન કે જે ઓસ્ટ્રેલીયામાં બેસીને પણ નોલેજનો ઉપયોગ કરી સમાજ સમક્ષ રજુ કરેલ છે તેવા ભાઇ શ્રી કેતનભાઇ પ્રભુલાલભાઇ ચાવડાને હું હૃદયથી નમન કરૂ છું. આ પવિત્ર અને ખુબ મોટું કાર્ય સહજ રીતે સમાજ કાર્યકર્તા તરીકે કર્યું તે વિશેષ નોંધનીય રહ્યું. – તંત્રી

સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

Occupation : Designer - I in NUTANX

U.S. Based Co-oncloud Computing

આયોજન પ્રભારીશ્રી



ભુપેન્દ્રભાઈ પરમાર

શ્રી ગણેશાય નમઃ

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

## શ્રી ભાગવતજી, અધિવેશન અને મંગળ પરિચય
## પુરીધામ – 2025

આયોજન સહ પ્રભારી



દિનેશભાઈ ટાંક



નિતિનભાઈ વરૂ

## શ્રી આવક જાવક ખાતુ

### શ્રી આવક ખાતુ

| | |
|---|---|
| શ્રી પોથીજીથી | 33,46,000/- |
| સમાજ રત્ન શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | 5,00,000/- |
| શ્રી મહાસભાથી પ્રાપ્ત અનુદાન | 1,00,000/- |
| શ્રી મેરેજ બ્યુરોથી પ્રાપ્ત અનુદાન | 1,0,1000/- |
| શ્રી મંગળ પરિચય પાત્રોથી રજીસ્ટ્રેશન શુલ્કના જમા | 2,42,000/- |
| **શ્રી ભોજન દાતાશ્રી** | |
| ● સ્વ. મગનલાલભાઈ કારાભાઈ અને સ્વ. લલિતભાઈ મલનલાલભાઈ વેગડ઼ | 1,50,000/- |
| ● શ્રીમતી કોમલબેન સાવરીયા અને દિશાબેન સાવરીયા | 1,50,000/- |
| ● શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા ઘટક | 1,63,064/- |
| ● શ્રી ભુપેન્દ્રભાઈ ભિશનજીભાઈ પરમાર | 1,50,000/- |
| ● શ્રીયુત મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | 1,50,000/- |
| ● સ્વ. હાર્દિક સુનીલભાઈ ચાવડ઼ા સ્મૃતિ અનુદાન હસ્તે-શ્રીયુત સુનીલભાઈ વિશ્રામભાઈ ચાવડ઼ા | 1,50,000/- |
| ● સ્વ. સાગર મનોજભાઈ વેગડ઼ સ્મૃતિ અનુદાન હસ્તે-શ્રીયુત મનોજ ભાઈ દુર્ગાલાલભાઈ વેગડ઼ | 1,50,000/- |
| ● સ્વ. રોહિતભાઈ સુરેશભાઈ ચાવડ઼ા સ્મૃતિ અનુદાન હસ્તે-શ્રીયુત લીનાબેન અને બિપિનભાઈ રાઠોડ઼ | 1,50,000/- |
| **શ્રી ઘટકોથી પ્રાપ્ત અનુદાન** | |
| ● શ્રી કટક ઘટક | 2,59,000/- |
| ● શ્રી કેન્જોરગઢ઼ ઘટક | 50,000/- |
| ● શ્રી અંગુલ ઘટક | 1,21,000/- |
| ● શ્રી બાલેશ્વર ઘટક | 51,000/- |
| ● શ્રી ભુવનેશ્વર ઘટક | 1,03,500/- |
| ● શ્રી સંબલપુર ઘટક | 25,000/- |
| ● શ્રી ઝારસુગુડા ઘટક | 15,000/- |
| ● શ્રી રાયપુર ઘટક | 1,01,000/- |
| શ્રી સૂર્યકાન્તભાઈ દયારામભાઈ રાઠોડ઼ (મેનચેસ્ટર) (વામનાવતાર શ્રીરામ / શ્રીકૃષ્ણ જન્મોત્સવ મનોરથી) | 1,21,000/- |
| શ્રી રાજેશભાઈ દયારામભાઈ રાઠોડ઼ (નેરોબી) | 51,000/- |
| શ્રી યશરાજ અશોકભાઈ વેગડ઼ (શ્રીકૃષ્ણ જન્મના સહા. મનોરથી) | 31,000/- |
| શ્રી ભવન ભાડ઼ા આવકના | 15,30,967/- |
| શ્રી દાન ભેંટ | 6,21,779/- |
| **કુલ યોગ** | **85,83,310/-** |

### શ્રી જાવક ખાતુ

| | |
|---|---|
| શ્રી ભવન ભાડ઼ા | 33,42,143/- |
| શ્રી લાઈટ/માઈક/ પંડાલ | 20,50,000/- |
| શ્રી ભોજન સામગ્રી ખરીદી | 11,77,811/- |
| શ્રી રસોઈયા ટીમ પેટે | 3,77,000/- |
| શ્રી ભાગવતાચાર્ય દક્ષિણા અને સંગીત મંડલી (2 એયર ફેયર/ 7 રેલ્વે ટિકટ સાથે-એક તરફનું ) | 3,00,000/- |
| શ્રી 47 પોથી મારાજનું દક્ષિણા | 3,56,000/- |
| શ્રી સ્ટેશનરી, પ્રિંટિંગ અને ફ્લેક્સ પ્રિંટિંગ | 1,07,985/- |
| શ્રી મંગળ પરિચય સમ્મેલન | 1,20,700/- |
| શ્રી વિવિધ ખર્ચ | 1,84,028/- |
| શ્રી સ્મૃતિ ચિન્હ/ખેસ/શાલ | 1,20,000/- |
| શ્રી લેબર ખર્ચ | 37,350/- |
| શ્રી પુજન સામગ્રી અને શ્રૃંગાર આર્ટિસ્ટ | 1,13,000/- |
| શ્રી અધિવેશન ખાતે ખર્ચ | 1,80,193/- |
| શ્રી ફોટોગ્રાફી અને લાઈવ પ્રસારણ | 1,16,000/- |
| શ્રી જાવક કરતા આવક વધુ થતા બચતના | 1,100/- |
| **કુલ યોગ** | **85,83,310/-** |

નોટ - ઘટકોના માધ્યમથી મેળવેલ અનુદાન રાશિનો સમાવેશ ઘટકના નામ સાથે અને વ્યક્તિગત આવેલ દાન શ્રી દાનભેંટમાં જમા લેવામાં આવેલ છે.

**ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર**
પૂર્વ પ્રમુખશ્રી મહાસભા પ્રમુખશ્રી અને આયોજન પ્રભારીશ્રી



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... જય સમાજ ! આપણા ચાર પવિત્ર ધામોમાંનું એક ધામ એવા જગન્નથપુરી મધ્યે સામુહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ, મહાસભાનું વાર્ષિક અધિવેશન તથા સગપણ સંમેલન રૂપી ત્રિવેણી સંગમનું સુંદર અને સફળ આયોજન તા. ૨૧,૨૨,૨૩ ડીસેમ્બર-૨૦૨૫ના રોજ થયું. જ્યાં આપણા સમાજનો એક પણ પરિવાર રહેતો નથી ત્યાં આવું ભવ્ય આયોજન સંપન્ન કરનાર સૌ માર્ગદર્શકો, સહયોગીઓ અને દાનદાતાશ્રીઓને અભિલાષા સમિતિ વતીથી ખુબ ખુબ અભિનંદન...

મહાસભાની પ્રતિનિધિ સભા, કાર્યવાહક સમિતિની સભા તથા સામાન્ય સભા જેવી બંધારણીય બેઠકોમાં અભિલાષા સમિતિનો વિસ્તૃત અહેવાલ આ સમિતિના પ્રભારી દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. **મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના માર્ગદર્શન હેઠળ પ્રતિ વર્ષ અંદાજે રૂા. ૭ થી ૮ લાખ જેટલી શિક્ષણ સહાય સમાજના જરૂરતમંદ છાત્રોને વિતરીત કરવામાં આવે છે.** તે જાણી સભા દ્વારા સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો.

આ સાથે એવું ચિંતન પણ કરવામાં આવ્યું કે, શિક્ષણ સહાય મેળવી, પોતાનો અભ્યાસ પુરો કરી જીવનમાં પગભર થઇને સારૂં એવું કમાતા ભાઇ-બહેનો સમાજનું ઋણ ચુકવવા ઉત્સાહ બતાવતા નથી. શિક્ષણ સહાય મેળવવાના આવેદનપત્રમાં શિક્ષણ સહાય મેળવતા છાત્રો પોતે મેળવેલ સહાયની રકમ અનુદાનરૂપે મહાસભા અભિલાષા સમિતિને પરત કરશે તેવી બાંહેધરી શપથ રૂપે આપતા હોય છે.

આ ખરેખર ચિંતાનો વિષય છે. **મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી દ્વારા પણ આ વિષય ઉપર રચનાત્મક સુચનો આપવામાં આવ્યા હતા.** ખાસ કરીને શિક્ષણ સહાય મેળવનાર છાત્રોના વાલીઓ અને તેમના આવેદનપત્રમાં ભલામણ કરનાર ઘટક પ્રમુખશ્રીઓ આવા પગભર થઇને કમાણી કરતા છાત્રોનો સંપર્ક કરી પોતાની આવક મુજબ અનુદાન રૂપે પરત કરે તો તેમના જેવા સમાજના અન્ય જરૂરતમંદ શિક્ષણવાંચ્છુઓને સમયસર મદદરૂપ બની શકાય.

**આ સમિતિ છેલ્લા ૧૫ વર્ષથી પૂર્ણ સ્વરૂપે કાર્ય કરી રહી છે ત્યારે આજથી ૧૦-૧૨ વર્ષ પહેલાં શિક્ષણ સહાય મેળવનાર છાત્ર આજે કોઇને કોઇ રીતે કમાણી કરતો જ હશે, તે સમજી શકાય તેવી વાત છે. આ મિશનમાં સહભાગી થવા ઉચ્ચ અભ્યાસ પુરો કરી પગભર થયેલા એવા છાત્રની સેવા સમિતિના સભ્ય રૂપે લેવાની તૈયારી છે, જે અન્ય છાત્રોનો સંપર્ક કરી મદદરૂપ બની શકે. આ પણ એક સમાજ સેવા જ છે.**

આ સભામાં માસિક દાનદાતાશ્રી રૂપે **શ્રી બાબુભાઇ ચૌહાણ (કચ્છ પ્રાદેશિક પ્રમુખ) તરફથી તેમના દાનની રકમ વધારીને રૂા. ૨૧૦૦ કરવામાં આવી તે બદલ ખુબ ખુબ આભાર...** ગત માસ દરમિયાન **સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી તરફથી મળેલ રૂા. ૧૧,૦૦૦, હૈદ્રાબાદ નિવાસી દાતાશ્રી ડૉ. બકુલચંદ્ર હરીરામ ચાવડા તરફથી મળેલ રૂા. ૨૧૦૦/-ના દાન બદલ ખુબ ખુબ આભાર...**

વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી અને ઉપપ્રમુખ



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# ।। લક્ષ્ય-૪ ।।

**વ્યાવસાયીક સંકલન, સંગઠન, સમૃદ્ધિ**


પ્રભારી : શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ          સહપ્રભારી : શ્રી કિરીટભાઈ રમણીકભાઈ ચૌહાણ

માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com


શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ દ્વારા ૨૦૨૬ ના નવ વર્ષ નિમિત્તે સર્વે સમાજબંધુઓ દ્વારા લીધેલી નવી ટેક, આદતો, લક્ષ્યો વગેરે નું જે લિસ્ટ બનાવેલું તે બરાબર યાદ છે કે ફેબ્રુઆરી આવતા સુધી માં પાછા જૂની ઘટમાળ માં ગોઠવાઈ ગયા???

નવી આદતો, નવી ટેવો ને રોજ અમલીકરણ માં મુકીશું તોજ તેનું પરિણામ મળશે નહીં તો એકાદ-બે મહિના માજ જૈસે થે ની પરિસ્થિતિ આવી જશે અને આપણી ફરિયાદ એજ રહેશે કે મને કોઈ નવું પરિણામ મળતું નથી.

મિત્રો, નવું પરિણામ મેળવવા માટે નવું કરવું પડે. આપણી તકલીફ એ છે કે આપણે રોજ જે કરીએ છીએ તે જ કરીએ છીએ પરંતુ પરિણામ અલગ આવે તેવું ઇચ્છીએ છીએ. મિત્રો, પરિણામ અલગ લેવા માટે આપણી કાર્યશૈલી પણ બદલાવવી પડશે.

નવી રીત ભાત, નવા નિયમો, નવા વિચારો, નવા રસ્તાઓ પર ચાલવું પડશે તો જ નવું પરિણામ મળશે.

તો મિત્રો, જો આપે ૨૦૨૬ નું આપના બદલાવનું લિસ્ટ તૈયાર ના કર્યું હોય તો આજે જ ફરીથી આપનું ગોલલિસ્ટ બનાવો. આપ પોતામાં જે બદલાવ ઈચ્છો છો તે લખો. આપના શારીરિક લક્ષ્ય , આધ્યાત્મિકતા ના લક્ષ્યો, સામાજિક લક્ષ્યો, નાણાકીય લક્ષ્યો વગેરેને એક નોટ બુક માં લખો.

આ લક્ષ્યો લખી લીધા બાદ તે મેળવવા માટે પોતાની જીવન શૈલી માં શું ફેરફાર કરવા જોઈએ તેની નોંધ બનાવો.

હવે આ લક્ષ્યો ને રોજ એક વાર વાંચો અને તે માટે આજે શું નવું કર્યું તેની પણ નોંધ લખો. શરૂઆત માં તકલીફ પડશે પણ પછી બહુ જ મજા આવશે અને રોજ નવું અપડેટ કરવાનું મન થશે.

તો, મિત્રો કેટલા લોકો પોતામાં બદલાવ લેવા ઈચ્છે છે અને તે માટે પ્રામાણિક પ્રયત્ન કરશે. મિત્રો મને જાણ કરવાની જરૂર નથી પણ ફક્ત પોતાની સાથે પ્રામાણિક રહેશો તો કશું જ અશક્ય નથી.

મહાસભા ની લક્ષ્ય સમિતિ દ્વારા ૨૦૨૬ માં આવા જ એક લક્ષ્ય નું બીડું ઝડપ્યું છે. જે જાહેર કરવાથી તે પૂરું કરવાની હિંમત અને વિશ્વાસ વધી જાય છે.

આપણા સમાજ ના નાના મા નાના વ્યાવસાયિકો થી લઈ ને મોટા ગજા ના તમામ લોકો ની એક ડિજિટલ પ્રોફેશનલ બિઝનેસ ડિરેક્ટરી બનાવવી.

આ ડિરેક્ટરી માં પોતાનું કામ કરતા લોકો એટલે કે તયહર યળાહજ્ઞુયમ, નોકરી કરતા લોકો, બિઝનેસ કરતા લોકો અને જેમની ઇન્ડસ્ટ્રીઝ હોય તેવા તમામ લોકો પોતાની માહિતી આપવા માં આવશે. જેના દ્વારા લોકો પોતના રસ ના લોકો નો સંપર્ક કરી પોતાના કામ ધંધા ના વિકાસ માટે જોડાઈ શકે.

આમાં લોકો પોતાની જરૂરિયાત જેવી કે રો મટિરિયલ, મશીનરી, ફર્નિચર, રોજગારી, ટેકનીકલ સુવિધાઓ વગેરે ની જરૂરિયાત વિશે માહિતી મૂકી પોતાના જરૂરી લોકો ના સંપર્ક કરી શકે.

તેવી જ રીતે આ માહિતી ડિજિટલ ફોર્મેટ હોય લોકો પોતાની જરૂરિયાત બદલાવી પણ શકશે.

તો મિત્રો, આવી ડિજિટલ ડિરેક્ટરી માટે લક્ષ્ય ની ટીમ પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરે છે અને ટેક્નિકલ ટીમ દ્વારા બને તેટલી ઝડપ થી આ કાર્ય પૂર્ણ કરવામાં આવશે.



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**
રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા નવવર્ષ ૨૦૨૬ના સ્વાગતમાં બહેનોના સર્વાંગીણ ઉત્કર્ષ માટે આત્મનિર્ભર, જાગૃત અને સ્વાવલંબી બનવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" નો ૨૧મો સ્પેશ્યલ પ્રોજેક્ટ "Awakening Against Adulteration" તા. ૬-૧-૨૦૨૬, મંગળવારના રોજે ખુબજ સફળતાપૂર્વક બહેનોની બહોળી ઉપસ્થિતિમાં મહાકૌશલ પ્રાદેશિક અંતર્ગત આવતા **જબલપુર ઘટકના શ્રીમતી રશ્મિબેન પરમાર** દ્વારા ઓનલાઇન લેવામાં આવેલ.

શ્રીમતી રશ્મિબેન નિતેશભાઇ પરમાર એ જબલપુર નિવાસી શ્રીમતી વનિતાબેન પ્રાગજીભાઇ પરમાર (હાજાપર)ના પુત્રવધુ તથા શ્રીમતી પુષ્પાબેન ધીરજલાલ સોલંકી (વીડી) દુર્ગના સુપુત્રી છે. તેમને બી.એસ.સી.બી.એડ.ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ ઘરમાં જવારાનો અને ઘણા પ્રકારના જ્યુસ બનાવે છે અને બાલઆશ્રમમાં આપે છે.

શ્રીમતી રશ્મિબેન કહે છે કે આજકાલ મિલાવટ અને અશુદ્ધ ભોજનથી બચવું એ ખુબજ મોટું ચેલેન્જ છે. તો આપણે બધાયને એક વાત જાણવી અતિ આવશ્યક છે કે કઇ વસ્તુમાં કેમ અને શું મિલાવટ કરવામાં આવે છે. આના માટે જ આ પ્રોજેક્ટ કરવામાં આવ્યો છે. વગર દુધમાંથી સરસ પનીર, ચીજ કેમ બનાવવું તથા શાક અને ફળ ફ્રીજ વગર કેમ ફ્રેશ રહી શકે તેમજ ફળની શુદ્ધતા, નેચરલ કેમ જાણી શકીએ આ બધા માટે જાગૃત થવા પહેલા જાણકારી રહેવી આવશ્યક છે. કેમા શું અને કેમ મિલાવટ થાય છે આના ખીલાફ તો સરકાર કદમ ઉપાડે છે પરંતુ દરેક નાગરીકને યુદ્ધ સ્તરમાં યોદ્ધાની જેમ પુર્ણ જાગૃતી સાથે ભાગ લેવો પડશે ત્યારે જ સમસ્યાનું નિરાકરણ આવશે. શ્રીમતી રશ્મિબેને આ પ્રોજેક્ટમાં ઘણીબધી વસ્તુ જેમ કે દુધ છે, પનીર છે, મસાલા છે, શાકભાજી અને ફળોની શુદ્ધતા અને મિલાવટને પ્રાત્યક્ષિકમાં કરીને બતાવ્યું - શિખવાડ્યું. ખાદ્યપદાર્થમાં મિલાવટને કેવી રીતે ઘરમાં ટેસ્ટીંગ કરી અસલી-નકલીની પહેચાન કરી શકાય, પાણીમાં તાંબુ યુઝ કરીને કેવી રીતે તેને શુદ્ધ કરી શકાય, માર્કેટમાં મળતા કેમિકલ યુક્ત મોંઘા સૌંદર્ય પ્રસાધન ઉપયોગ કરવાને બદલે ઘરમાં કેવી રીતે બનાવી શકાય, મિલાવટી પનીરનો ઉપયોગ કરવાને બદલે દુધ વગર પૌષ્ટિક પનીર ઘરે કેમ




બનાવાય, સ્વાસ્થ્યવર્ધક સ્પેશિયલ ચાય, શાક અને ફળોને લાંબાગાળા સુધી કેમ સુરક્ષિત રાખવું આવી અનેકો અનેક સખુબજ ઉપયોગી મહત્વપૂર્ણ, ઘરેલુ માહિતી બહેનોના જાગૃતિ માટે રશ્મિબેન દ્વારા આપવામાં આવેલ. આયુર્વેદિક સાબુન બનાવતા શીખવાડ્યું હતું.

શ્રીમતી રશ્મિબેન કહે છે કે મહિલા ઉત્કર્ષ સમિતિ બહેનોને આ રાષ્ટ્રીય મંચ સાથે ભરપુર આત્મવિશ્વાસ સાથે આત્મનિર્ભર, સ્વાવલંબી બનવાના આજ સુધી ઘણા-ઘણા માધ્યમ બતાવ્યા છે. સમાજની બહેનો આ બધાય પ્રોજેક્ટને આપેલ જ્ઞાનનો લાભ લઇ આર્થિક ઉત્કર્ષને પ્રાપ્ત કરી આત્મનિર્ભર બની જીવનમાં આગળ વધે.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ રશ્મિબેન જેવા રોજીંદા જીવનના મહત્વપૂર્ણ વિષયો પર સખોલ જ્ઞાન ધરાવતા, પ્રાચીન આયુર્વેદિક ઔષધીય પ્લાન્ટ્સના જાણકાર, મેઘાવી, નિષ્ણાંત, કર્મઠ, પ્રેમાળ, લાગણીશીલ... સમાજ સેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા રશ્મિબેનને હદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી... હાર્દિક અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે.... અસ્તુ... જય સમાજ...

- અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧

**|| અન્નદાન મહાદાન ||**




પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮


**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

## ભગવાન ભુખ્યો ઉઠાડે છે જરૂર, પણ ભુખ્યો સુવાડશે નહીં

## ''ભુખ્યાને ભરપેટ ભોજન... અન્નદાન છે મહાદાન...''

આપણી મહાસભા દ્વારા સંચાલિત અનેકવિધ સમાજ ઉત્કર્ષ યોજનાઓ પૈકી ''અન્નપુર્ણા'' એક અનઅપેક્ષિત, અનઇચ્છનીય યોજના છે અને આવી યોજના ચલાવવી એ પણ મહાસભાની અનિવાર્યતા છે. એક અકલ્પનીય કરૂણતા એ છે કે આજ પણ આપણા સમાજમાં એવા સમાજબંધુઓ આપણી વચ્ચે જ અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે કે જેઓને ત્રણ ટક ભરપેટ ભોજનની કોઇ જ સગવડ નથી. ગમે તેમ કરી દુઃખના દહાડા કાપતા આવા વંચિત, પિડીત, દીનદુઃખી સમાજબંધુઓની પિડાને સત્વરે સમજી આવા કમનસિબ સમાજબંધુઓ કમ સે કમ ત્રણ ટકનું ભોજન સ્વમાનભેર મેળવી શકે તે માટે મહાસભા 'અન્નપુર્ણા' યોજના મારફતે આવા લાભાર્થીને પ્રતિમાસ રૂા. ૧૫૦૦/- રાશનકીટ માટે આપે છે. એક અનુમાન પ્રમાણે એક વ્યક્તિને ત્રણ ટકનું ભરભેટ, પોષણયુક્ત ભોજન એવં એકમદમ જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ની જરૂરીયાત રહે છે. મહાસભાએ પણ પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ પ્રતિ લાભાર્થી આર્થિક સહાય આપી એ સુનિશ્ચિત કરેલ છે કે આપણા સમાજમાં આપણો કોઇપણ ભાઇ-બહેન માત્ર નાણાકીય અભાવમાં ત્રણ ટકનું ભોજન લઇ સન્માનભેર, નિશ્ચિત થઇ જીવન સુખરૂપ વ્યતીત કરી શકે.

મહાસભાની 'સંજીવની' યોજનાની જેમ જ 'અન્નપુર્ણા' યોજના દ્વારા સમાજપ્રેમી સમાજના સુખી-સંપન્ન પરિવારો પ્રતિમાસ અમુક રકમ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને સતત પરિપૂર્ણ રાખવા પોતાનો માનવધર્મ, સમાજધર્મ નિભાવે છે. **સમાજના સુખી-સંપન્ન વર્ગની યથાશક્તિ-યથા ઇચ્છા પ્રતિમાસ અન્નદાનનો સંકલ્પ અનેક જરૂરીયાતમંદ પરિવારોની આંતરડી ઠારે છે.** રૂા. ૫૦૦ થી ૬૦૦૦ સુધીના 'અન્નપુર્ણા' સંકલ્પધારી પરિવારો, નિયમિત પ્રતિમાસ 'અન્નપુર્ણા' સહયોગ આપી જીવનભરનું પુણ્યનું ભાથું બાંધે છે. ભૂતકાળમાં અને વર્તમાન સમયમાં ભારતવર્ષમાં અને ખાસ કરીને કચ્છ-કાઠીયાવાડમાં અનેક જગ્યાએ નિઃશુલ્ક અન્નક્ષેત્રો આજ પણ કાર્યરત છે. તેવી જ રીતે આ 'અન્નપુર્ણા' એ પણ આપણા સમાજનું અખિલ ભારતીય સ્તરનું 'અન્નક્ષેત્ર' જ છે. આ અન્નક્ષેત્રમાં આપ પણ આપશ્રીના સદ્‌ગત સ્વજનોની સ્મૃતિમાં સ્મૃતિદાન તરીકે એકમૂઠ અથવા પ્રતિમાસ એક વંચિત વ્યક્તિ માટે રૂા. ૧૫૦૦/- પ્રતિમાસના ગુણાંકમાં આર્થિક સહયોગ આપી ઘરબેઠા પુણ્યશાળી બની શકો છો. આપશ્રીના નાનકડા આર્થિક સહયોગથી અનેક પિડીત, વંચિત સમાજબંધુઅઓની આંતરડી ઠરશે અને એમના સંતોષના ઓડકાર સ્વરૂપ આશીર્વાદ આપના પરિવારને રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના શિખર પર પહોંચાડી દેશે.

'અન્નપુર્ણા'ના પ્રતિમાસ સંકલ્પધારી પરિવારોમાં કચ્છ અંજાર નિવાસી હાલ કલ્યાણ (મુંબઇ) વાસી **શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા હાલ અમેરિકામાં** પ્રતિષ્ઠિત કંપનીમાં ઉચ્ચ પદ પર જોબ કરે છે. આ સેવાધારી પરિવારના સુપુત્ર ચિ. દિપેશ જેઠવા સાત સમંદર પાર અમેરીકાથી પ્રતિમાસ રૂા. ૬૦૦૦ અન્નપુર્ણામાં અર્પણ કરી સમાજના જરૂરીયાતમંદ ચાર પરિવારની આંતરડી ઠારવાનું પુણ્યશાળી કામ કરી સમસ્ત જેઠવા પરિવારની પ્રતિષ્ઠા સમાજમાં એક મૂઠી ઊંચી અંકિત કરી છે. આપણા સમાજના યશસ્વી પ્રમુખ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી** પણ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી અનેક જરૂરીયાતમંદ સમાજબંધુઓની ભૂખી આંતરડીને ઠારવા માટે સહભાગી થાય છે. અંજાર નિવાસી **શ્રી એવં શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી**ની સેવાભાવના દેશ-પ્રદેશના સીમાડા ઓળંગી સર્વત્ર સુવાસ પ્રસરાવે છે. 'પ્રણામી'

સંપ્રદાયના ચુસ્ત અનુયાયી, સનાતન ધર્મ પરાયણ આ યુગલ બેલડી તો 'સત્તકર્મ' માટે સદૈવ તત્પર રહે છે. 'સંજીવની સરતાજ' આ સોલંકી દંપતિને 'અન્નપુર્ણા' યોજના વિશે જાણ થતાં જ સ્વયંભૂ રૂા. ૧૨,૦૦૦ અર્પણ કરી પોતાની સેવાયાત્રાને ઔરવધુ સાર્થક સાબિત કરી છે. 'અન્નપુર્ણા' યોજના બિલાસપુર અધિવેશનથી વિધિવત આરંભ થઇ ત્યારે જ આપણા સૌના પ્રાણ પ્યારા **'સમાજ મામા' શ્રી શીવલાલભાઈ કરસનભાઈ ચાવડા (ખંભરા) – જયપુર** હરહંમેશની જેમ જ પોતાના પરિવાર તરફથી રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' માટે અર્પણ કરી 'અન્નપુર્ણા'ને શુકનવંતી શરૂઆત અપાવી અને એ ઉલ્લેખનીય છે કે 'સંજીવની સમ્રાટ' શીવલાલભાઇ ચાવડા પરિવારે 'સંજીવની' યોજનામાં રૂા. ૫,૦૦,૦૦૦ અર્પણ કરી એક અનન્ય, અપૂર્વ, અનુકરણીય પહેલ તો કરી જ છે એવા જ એક સંજીવની સરતાજ **શ્રી પ્રભુલાલભાઈ રામજીભાઈ ચાવડા – પુના** પરિવારે પણ સ્વયંભુ રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' ને અર્પણ કરી માનવતાને મહેકાવી છે. ઉપરોકત સમાજપ્રેમી દાતાશ્રીઓએ પોતાનો સમાજધર્મ નિભાવી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને પરિપૂર્ણ કરવા સ્વૈચ્છીક સહયોગ આપેલ છે. અહીં આજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ સૌ સમાજપ્રેમી સમાજબંધુઓને સંવેદનાસભર વિનંતી કે આવો મિત્રો, **આપણે સૌ સાથે મળી એ સુનિશ્ચિત કરીએ કે આજથી આપણા સમાજમાં આપણો સમાજબંધુ ત્રણ ટક ભરપેટ ભોજન માટે કોઈનો ઓશિયાળો નહીં રહે.** આપના ધ્યાનમાં આવા સમાજબંધુઓ આવે તો જરૂરથી ટીમ 'અન્નપુર્ણા'ને ઉપરોક્ત સંપર્કસુત્રનો સંપર્ક કરી આંગણી ચિંધ્યાનું પુણ્ય પણ પ્રાપ્ત કરશોજી. આભાર સહ... જય સમાજ...

**વિનિત : શાંતિલાલભાઈ પ્રેમજીભાઈ જેઠવા – અંજાર (પ્રભારી : અન્નપુર્ણા યોજના – મહાસભા)**

## ''સાભાર સ્વિકાર'' (અન્નપુર્ણામાં નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી)

| | |
|---|---|
| ૧૨,૦૦૦ | નારીરત્ન શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૧૨,૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (ઉપપ્રમુખશ્રી અંજાર ઘટક, પ્રભારીશ્રી સીનીયર સીટીઝન સમિતિ - અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૨૪,૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) (ખંભરા-જયપુર (રાજ.) (પ્રતિમાસ રૂા. ૨૦૦૦ના માનદ્ દાતાશ્રી |
| ૧૨,૦૦૦ | શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમીયમ દાતાશ્રી) |
| ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - પ્રમુખશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૧,૦૦૦ | માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ (શુભેચ્છા સહયોગ)(પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૬,૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ - અમેરીકા (પ્રતિ માસ રૂા. ૬૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઇ પઢિઆરની સ્મૃતિ અર્થે હ. શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર - મંત્રીશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. નટવરભાઇ ભનુભાઇ પરમારની પુણ્ય સ્મૃતિ અર્થે (હ. પરેશ એવં ગીરીશ પરમાર - અંજાર) (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | માતૃશ્રી શાન્તાબેન સુર્યકાન્તભાઇ વેગડ - અંજાર (હ. શ્રી પ્રવિણભાઇ વેગડ - પ્રભારીશ્રી દેશ-વિદેશ સમન્વય સમિતિ - મહાસભા) (પ્રતિ માસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૬,૩૦૦ | શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ (કુંભારીયા-લાતુર) (પ્રભારી મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા) (પ્રતિમાસ રૂા. ૨૧૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૧,૫૦૦ | શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા, પ્રમુખશ્રી અંજાર ઘટક) જન્મોત્સવ ખુશાલી ભેટ |
| ૧૨,૦૦૦ | માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલ રાઠોડ (કુંભારીયા) - દુર્ગની પુણ્યસ્મૃતિમાં (હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઇ રાઠોડ - અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |

(નોંધ : ઉપરોક્ત યાદીમાં નામ, ગામ, રકમ અંગે કંઇપણ વિસંગતતા હોય તો જાણ કરવા વિનંતી)

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## પૂર્વ ઓડિશા પ્રા.સ.





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા પ્રેરીત, રાયપુર ઘટક સહકારિત તથા પશ્ચિમ ઓડિશા પ્રાદેશિક સમિતિના સહયોગથી પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ દ્વારા જગન્નાથ પુરી મધ્યે તા. ૧૭.૧૨.૨૦૨૫ થી તા. ૨૩.૧૨.૨૦૨૫ દરમિયાન ભવ્ય સમુહ ભાગવત કથા, મંગળ પરિચય તથા મહાસભાનું વાર્ષિક અધિવેશન સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યું હતું. સાત દિવસીય સમુહ ભાગવત સપ્તાહ માં કુલ ૭૭ પોથીઓ નોંધાઈ હતી. વ્યાસપીઠ પર મુંબઈના પ્રસિદ્ધ કથાવાચક શ્રી નરેશભાઈ રાજ્યગુરુ દ્વારા ભક્તોને કથામૃત પાન કરાવવામાં





આવ્યું હતું. ભવ્ય પોથીયાત્રા સાથે ચાર ધામોમાં એક એવા પવિત્ર જગન્નાથ પુરી ધામમાં કથાનો શુભારંભ થયો હતો. આયોજન પ્રભારી મહાસભાના માજી પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર, પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઈ નાનાલાલ ટાંક, પ્રાદેશિક સમિતિના પદાધિકારીઓ, તથા પ્રાદેશિક સમિતિ અંતર્ગત ઘટકો ના પ્રમુખો દ્વારા દ્વિપ પ્રજ્વલિત કરી આ સમારોહ નું શુભારંભ કરવામાં આવ્યું હતું. સાતમે દિવસે હવન સાથે કથાનું સમાપન કરવામાં આવ્યું હતું. દરરોજ ભક્તો માટે ભોજન પ્રસાદ તથા સાંજે રાસ-ગરબા અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ભાગવત કથા દરમિયાન નૃસિંહ પ્રાગટ્ય, વામનાવતાર, શ્રી રામ જન્મ, શ્રી કૃષ્ણ જન્મ, ગોવર્ધન લીલા, કૃષ્ણ રુક્મિણી વિવાહ, સુદામા ચરિત્ર જેવા ઉત્સવો નું આયોજન ખુબજ ધામધુમથી કરવામાં આવેલ હતું. શોભાયાત્રા ની સાથે આદરણીય મહાસભા પ્રમુખ સમાજ રત્ન શ્રી વિનોદભાઈ પુરષોત્તમ ભાઈ સોલંકી નું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું.

તા. ૨૨ અને ૨૩ દરમિયાન આયોજિત મંગળ પરિચય કાર્યક્રમમાં ૬૦૦ થી વધુ પાત્રોએ નોંધણી કરાવી હતી. પાત્રોને માર્ગદર્શન માટે મેંટર બહેનોની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ઓનલાઈન માધ્યમથી પણ અનેક પાત્રો જોડાયા હતા અને પરસ્પર પરિચય માટે વિવિધ ગેમ્સનું આયોજન કરાયું હતું. તા. ૨૨ અને ૨૩ના રોજ નિલાદ્રી ભક્ત નિવાસ મધ્યે મહાસભાનું વાર્ષિક અધિવેશન યોજાયું હતું. મહાસભા પ્રમુખ સમાજ રત્ન શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકીની અધ્યક્ષતામાં પ્રતિનિધિ સભા તથા કાર્યવાહી સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં મહાસભાના હોદ્દેદારો અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ પ્રમુખ શ્રી દિનેશભાઈ, પ્રાદેશિક સમિતિ ના વિવિધ ઘટકના પ્રમુખો, પદાધિકારીઓ તથા સદસ્યોના ઉત્કૃષ્ટ સહયોગથી આ સમગ્ર આયોજન અત્યંત સફળ અને સ્મરણિય બન્યું હતું તે બદલ પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઈ એ સૌ નો આભાર માન્યો હતો. આ અવસરે પ્રાદેશિક સમિતિ ના ઘટક પ્રમુખો તથા પદાધિકારીઓ ને સમ્માનિત કરવામાં આવ્યા હતા. તા. ૨૩.૧૨.૨૦૨૫ના રોજ આ ભવ્ય આયોજનનું સમાપન થયું હતું.

## આદિપુર ઘટક



તા. ૨૧-૧૨-૨૦૨૫, રવિવારના રોજ આદિપુર ઘટક દ્વારા સમાજ ભવનમાં સરસ્વીત સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલમંદિરથી કોલેજ સુધીના ૫૬ બાળકોને સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સાંજે ચાર વાગે કરવામાં આવી હતી. ઘટક પ્રમખ શ્રી ચંદ્રકાન્તભાઇ જયંતિલાલ સોલંકી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અનિતાબેન એન. ટાંક અને યુવા મંડળ પ્રમુખ શ્રી ચેતનભાઇ જશવંતભાઇ ચૌહાણ દ્વારા દિપ પ્રાગટ્ય કરવારમાં આવેલ.

ત્યાર બાદ મહિલા મંડળની બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. નાની બાળાઓ જસ્વી રાજેશ પઢિઆર, મોક્ષા હિરેન પરમા, ખુશી ચેતન ચૌહાણ, હેત્વી કિરણ જેઠવાએ સ્વાગત ગીત - નૃત્ય પ્રસ્તુત કરેલ. ત્યાર બાદ જુદા જુદા દાતાઓના હસ્તે વિદ્યાર્થીઓને આદિપુર ઘટક દ્વારા ઇનામ તથા પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવેલ.

ગાયત્રી શક્તિપીઠ, ગાંધીધામના ટ્રસ્ટી શ્રી પ્રભુલાલભાઇ પી. પરમાર - ગાંધીધામ તરફથી તથા ઘટકના સલાહકાર સભ્ય શ્રી વલ્લભજીભાઇ પી. વાઘેલા તરફથી પણ વધારાના ઇનામો આપવામાં આવેલ. ડાન્સ અને વકતવ્ય રજુ કરનાર બાળાઓને પણ વધારાનું રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. રમત-ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત એક બાળાનું પણ ઇનામ, પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ હાઉજી ગેમ રમાડવામાં આવેલ. કાર્યક્રમમાં આદિપુર ઘટકના બાળકો, વિદ્યાર્થીઓ, યુવાઓ, વાલીઓ તથા વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી દિપકભાઇ છોટાલાલ રાઠોડે કર્યું હતું. આદિપુર ઘટકના સમાજના પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીએ પોતાના વકતવ્યમાં પધારેલ સર્વે સમાજબંધુઓનું સ્વાગત કરી આભાર વ્યક્ત કરેલ. બાળકોને અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ માટે શુભકામના પાઠવેલ. યુવા મંડળ પ્રમુખ શ્રી ચેતનભાઇ પરમાર તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અનિતાબેન ટાંક એ પણ પ્રસંગોચીત ઉદ્‌બોધન કરેલ. અંતમાં સૌએ રાત્રી ભોજન લઇ હર્ષોલ્લાસ સાથે છુટા પડ્યા હતા.

## બાલાઘાટ ઘટક

જન્મદિવસ ઉજવણી કાર્યક્રમનું આયોજન સાંજે ૬.૩૦ કલાકે સમાજવાડી મધ્યે કરવામાં આવેલ હતું. વરીષ્ઠ નાગરિક મંડળના



બાલાઘાટ ઘટક અંતર્ગત તા.૧૪ ડિસેમ્બર-૨૦૨૫, રવિવારના આયોજીત વરીષ્ઠ નાગરિક મંડળનું ગેટ-ટુગેધર તેમજ સભ્યો સાંજે ૬.૦૦ કલાકે સમાજવાડીમાં ભેગા ગયા. સમયસર પધારનાર પ્રથમ પાંચ સદસ્યોને હર્ષભેર આવકારતા ઘટકના

પદાધિકારીઓ-મહિલા મંડળ તેમજ યુવા મંડળના સર્વે આગેવાનોએ સ્વાગત કરતા તેઓને ઉપહાર સ્વરૂપે બિલીપત્રના પૌધા આપવામાં આવેલ હતા. કાર્યક્રમનો પ્રારંભ કરતા સર્વે સભ્યો ૭.૦૦ કલાકે વિવિધ રમત-ગમતના ઉપરાંત સહુએ હાઉસીની રમત રમ્યા બાદ પુરસ્કારો મેળવ્યા હતા.

આ મહિને વરીષ્ઠ નાગરિક મંડળના નવા જોડાયેલા કપલ શ્રીમતી નમ્રતાબેન-શ્રી રસીકભાઇ મુળજીભાઇ રાઠોડ કે જેઓ આજના સમુહ રાત્રી ભોજનના પ્રાયોજક પણ હતા. તેઓનું સહુ સદસ્યો દ્વારા અભિનંદન કરવામાં આવેલ. ત્યાર બાદ એ સભ્યો જેમનો જન્મદિવસ નવેમ્બર-ડિસેમ્બર માસમાં આવે છે તેઓના પરિવારજનોની ઉપસ્થિતિમાં જન્મદિવસ નિમિત્તે કેક કાપી બર્થ-ડે સેલીબ્રેશન કરવામાં આવેલ. આ ઉપરાંત ૮.૦૦ કલાકે



સર્વે સમુહ ભોજમાં સ્વાદિષ્ટ વાનગીઓ આરોગતા આવતા મહિને પાછા મળીશું કહેતા અને ઘટકની બંને પાંખોના સહીયારા પ્રયાસે આયોજીત આજના આયોજનને બિરદાવતા સહુ પોત-પોતાના ઘેર જવા માટે છુટા પડ્યા હતા.

## માધાપર ઘટક




માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૦૫-૦૧-૨૦૨૬, સોમવારના રોજ સુવર્ણપ્રાશન ઔષધી પીવડાવવાનો ૧૨મો કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૦૪ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ માધાપર ઘટકના સહમંત્રી અને પ્રોજેક્ટ ચેરમેન શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડા અને શ્રી છોટુભાઇ નાનાલાલભાઇ વરૂ, શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકો અને નુતન કેળવણી મંડળના બાળકોએ પણ લાભ લીધો હતો. જેમાં નુતન કેળવણી મંડળના પ્રિન્સીપાલ શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ, શિક્ષિકા શ્રીમતી કંચનબેન સોલંકી અને શ્રીમતી કવિતાબેન ચૌહાણનો સહકાર મળેલ હતો.

માધાપર ઘટક અને રામકૃષ્ણ મઠ ભુજ દ્વારા આયોજીત દરેક સમાજ માટે નિઃશુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પ સમાજ ભવન મધ્યે તા. ૧૬-૦૧-૨૦૨૬ના શુક્રવારના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વમલજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ દરેક સમાજના લોકો માટે ફીમાં નિદાન કરી એક માસની ફીમાં દવાઓ આપવામાં આવેલ હતી. રામકૃષ્ણ મઠ ભુજના ડૉ. યશ્રી પરમાર અને ડૉ. વિશ્વા પારેખે સેવા આપેલ હતી. નિઃશુલ્ક હોમિયોપથિક નિદાન અને સારવાર કેમ્પમાં કુલ ૫૬ લોકોએ પોતાના શરીરનું નિદાન કરાવેલ હતું. કેમ્પમાં માધાપર ઘટકના મંત્રી શ્રી દીપકભાઇ નરસિંહભાઇ ચૌહાણ, શ્રી ગિરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ, શ્રી છોટાલાલભાઇ નાનાલાલભાઇ વરૂ, શ્રી કાન્તીભાઇ વિશ્રામભાઇ સોલંકી અને શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવેલ હતી.



## મુંબઇ ઘટક



મુંબઈ ઘટકની જનરલ બોડીની મીટીંગ વસઈ રોડમાં રાખવામાં આવી હતી. જેમાં ઘટકના સભ્યો શ્રી અમરીશભાઈ સૂર્યકાંતભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં ભાગ લઈ મીટીંગને સાર્થક બનાવી હતી. મીટિંગની શરૂઆત દીપ પ્રજલન તથા પ્રભુપ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ મીટીંગમાં ગત પ્રમુખશ્રી હીરાલાલ કેશવજીભાઈ ખોડિયારએ ફરી થી આગામી સત્ર માટે સર્વસંમતિથી ચાર્જ સાંભળ્યું હતું . મુંબઈ ઘટકની નવી કમિટી બનાવવામાં આવી છે જે નિમ્નાનુસાર છે.

કરવામાં આવ્યું સાથે સાથે ઘટકને હંમેશા મોટું આર્થિક સહાય કરનારા શ્રી અમરીશભાઈ સૂર્યકાંતભાઈ ચૌહાણ-કાંદિવલીનું શાલ અને પુષ્પબુકે થી સન્માન કરવામાં આવ્યું. ઘટકના પ્રમુખ અને સર્વે પદાધિકારીઓએ પોતાના વિચાર રજૂ કર્યા હતા તથા સમાજના હિત માટેના વિભિન્ય વિષયો પર સાર્થક ચર્ચા કરવામાં આવી હતી. ઘટક પ્રતિનિધિઓથી બેઠકમાં મહાસભાને સુઝાવ મોકલવા માટે ચર્ચા કરવા માં આવી હતી.

મુંબઈ ઘટકની સત્ર ૨૦૨૫ થી ૨૦૨૮ માટેની કમિટીમાં પ્રમુખ : હીરાલાલ કેશવજીભાઈ ખોડિયાર,બોરીવલી, ચેરમેન : વિજયભાઈ અર્જુનભાઈ ચૌહાણ,વસઈ રોડ, ઉપપ્રમુખ : નરેશભાઈ લક્ષ્મીલાલભાઈ ચૌહાણ,ઘાટકોપર, ઉપપ્રમુખ : શૈલેષભાઈ મોરારજીભાઈ ટાંક,મુલુંડ, મંત્રી : શકુંતલાબેન મહેન્દ્રભાઈ વાઘેલા, મુલુંડ, ખજાનચી : વિજયભાઈ અર્જુનભાઈ ચૌહાણ ,વસઈરોડ,

જોનલ પ્રમુખ : ઝોન ૧ : નિતેશભાઇ દયારામભાઈ ચૌહાણ,નાલાસોપારા, ઝોન ૨: કમલેશભાઈ જેઠાલાલભાઈ વેગડ,કાંદીવલી, ઝોન ૩: આશિષભાઈ વિનોદભાઈ વેગડ,માહિમ, ઝોન ૪: શિરીષભાઈ વેલજીભાઈ ટાંક, મુલુંડ,



ઘટકના સર્વે સભ્યોથી વિનંતી કરવામાં આવી કે આપે સર્વે સાથે મળીને આપણા ઘટકને ,સમાજને આગળ વધારવા માટે સારું થી સારું કાર્ય કરીએ. આ કમિટી માત્ર વિશેષ કાર્યના દાયિત્વ માટેજ બનાવવામાં આવી છે બીજું ઘટકના અન્ય કાર્યો માટે સર્વે સભ્યોને જરૂરતના અનુસાર જવાબદારી સોંપી એમનો સહયોગ લેવામાં આવશે.

ઘટકના નવા મેમ્બર્સનું પુષ્પગુચ્છ આપી એમનો સન્માન

વરીષ્ઠ સલાહકાર: દયારામભાઇ મેપાભાઇ ચૌહાણ, નાલાસોપારા, પ્રમુખ સલાહકાર: રાજેન્દ્રભાઈ રતિલાલભાઈ વેગડ,પનવેલ, સલાહકાર : ભાસ્કરભાઈ માવજીભાઈ વરુ,વસઈ રોડ, ડોલરભાઈ હરિલાલભાઈ રાઠોડ,દહાણુરોડ તથા ચાર કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. બેઠકના અંતમાં ઉપસ્થિત સર્વે સભ્યોનું આભાર માની રાષ્ટ્રગીતથી બેઠકનું સમાપન કરવામાં આવ્યું હતું.

## મુન્દ્રા ઘટક

મુન્દ્રા ઘટક યુવા મંડળ દ્વારા આયોજીત અને મહિલા મંડળના સહકરથી તા. ૧૬ નવેમ્બર, શનિવારના રોજ શ્રી પુરૂષોત્તમભાઇ જેઠવાની વાડી ખાતે સરસ્વતી સન્માન કાર્યક્રમ તેમજ સ્નેહમિલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન રવા, સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા અને તમામ સભ્યો વચ્ચે પ્રેમભાવ તથા એક્તા વધારવાનો હતો.

આ પ્રસંગે ઘટકના અને મંડળના મુખ્ય હોદ્દેદારોએ હાજરી



આપી હતી. જેમાં ઘટક પ્રમુખ શ્રી ગિરીશભાઇ શિવલાલભાઇ ચૌહાણ, મંત્રી શ્રી વાસુદેવભાઇ જેઠવા, યુવા મંડળ પ્રમુખ શ્રી મિતેશભાઇ વલમજીભાઇ રાઠોડ, મંત્રી - શ્રી દિપેશભાઇ બાલમુકુંદભાઇ રાઠોડ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રગતિબેન હિરેનભાઇ જેઠવા, મંત્રી - શ્રીમતી રીનાબેન પિયુષભાઇ રાઠોડ ઉપરાંત સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી હતી. દેશભક્તિ ગીતો, લોકનૃત્યો અને નાટિકાઓએ સૌના મન મોહી લીધા હતા. આ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ સૌને સમાજની સંસ્કૃતિ અને મુલ્યો સાથે જોડી રાખ્યા હતા.

સાંસ્કૃતિક રંગો પછી સો સભ્યોએ એક સાથે સ્નેહમિલન કર્યું. આ પ્રસંગે હાજર રહેલા તમામ સભ્યોએ એકબીજા સાથે સુખ-દુઃખની વતો કરી, નવા વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને



કાર્યક્રમની શરૂઆત વિદ્યાની દેવી સરસ્વતીજીની વંદના સાથે કરવામાં આવી હતી. ત્યાર બાદ સમાજમાં અભ્યાસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરી તેમને ટ્રોફી અને પ્રમાણપત્રો આપી બિરદાવવામાં આવ્યા હતા. ઘટક પ્રમુખ શ્રી ગિરીશભાઇ ચૌહાણે વિદ્યાર્થીઓને સતત પ્રગતિ માટે પ્રેરણા આપી હતી. યુવા મંડળ અને મહિલા મંડળના સભ્યો દ્વારા

સંબંધોને વધુ મજબુત બનાવ્યા હતા. ત્યાર બાદ તમામ સમાજબંધુઓએ સાથે બેસીને ભોજન લીધું હતું. કાર્યક્રમના અંતે યુવા મંડળ પ્રમુખ શ્રી મિતેશભાઇ ટાંકે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ મહાનુભાવો, યુવા સભ્યો, મહિલા મંડળના સભ્યો, સ્વયંસેવકો અને ઉપસ્થિત રહેલા તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઉદયપુર ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઉદયપુર ઘટક દ્વારા દિવાળી સ્નેહમિલન અને સામાન્ય સભા તા. ૨૧-૧૦-૨૦૨૬, મંગળવારના દિવસે રાખવામાં આવી હતી. જેમાં ઉદયપુર ઘટકના સર્વે સભ્યોએ પરિવાર સાથે ભાગ લીધેલ. સવારે ૯ વાગ્યે અલ્પાહાર પછી ૧૧ વાગ્યાથી મીટીંગ પ્રારંભ કરવામાં આવેલ. ઘટક અને મહિલા મંડળ અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મંત્રીને








આમંત્રિત કરી મંચાસીન કરવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય અતિથિ રૂપે ઘટકના વડીલ શ્રી હેમરાજભાઇ ચૌહાણને આમંત્રિત



કરવામાં આવ્યા. ત્યાર બાદ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

મહિલા મંડળ દ્વારા શ્રીરામ ભજન પ્રસ્તુત કરવામાં આવ્યુંતેના પછી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી આશાબેન ચૌહાણ અને મંત્રી શ્રીમતી ડિમ્પલબેન પરમાર દ્વારા નાના





બાળકો માટે એક સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યું. જેમાં યાસીકા ચૌહાણ, ક્રિયા ચૌહાણ અને રિયાંશ પરમાર દ્વારા બહુજ સુંદર પ્રસ્તુતિ આપવામાં આવી. ઉપસ્થિત બધા ભાઇઓ અને બહેનો માટે ખુબજ સરસ એક પાર્સલ ગેમ રમાડવામાં આવી. જેમાં પ્રથમ શ્રી કમલેશભાઇ ચૌહાણ, દ્વિતીય શ્રી અરૂણભાઇ પરમાર, તૃતિય શ્રીમતી મંજુબેન હરીશભાઇ પરમારને મળ્યું હતું.

કપલ ગેમ્સમાં ડાન્સ કરતા કરતા આવીને લક્કી નંબર ઉપર હસ્તાક્ષર કરીને ભાગ લેવામાં બધા ભાઇ-બહેનોને ખુબજ આનંદ આવ્યો. જેમાં પ્રથમ શ્રી ચેતન ચૌહાણ, દ્વિતીય વિતિ ચૌહાણ અને તૃતિય જય ચૌહાણને આપવામાં આવેલ. બીજી ગેમમાં પ્રથમ શ્રીમતી દેવશ્રીબેન ચૌહાણ, દ્વિતીય શ્રીમતી કાજલબેન ચૌહાણ અને તૃતિય ભાવિનભાઇ ચૌહાણને ઇનામ આપવામાં આવેલ.

ત્યાર પછી ઘટકના ઉપાધ્યક્ષ અને કોષાધ્યક્ષનો અતિરિક કાર્યભાર સંભાળનાર શ્રી ધીરજભાઇ યાદવ અને મહિલા મંડળના કોષાધ્યક્ષ શ્રીમતી પૂનમબેન ચૌહાણએ સમાજની આવક-જાવકનો હિસાબ રજૂ કર્યો હતો. જેને સામાન્ય સભા દ્વારા બહાલી આપવામાં આવી હતી. ઘટક પ્રમુખ ડૉ. નરેન્દ્રભાઇ ચૌહાણે પોતાના સ્વાગત ઉદ્‌બોધનમાં નવા વર્ષની શુભકામના પાઠવી હતી. મીટીંગમાં ઘટક સદસ્યોની ઉપસ્થિતિ ઉપર ચીંતા વ્યક્ત કરી, ખાસ કરીને ઘટકના પુરૂષો અને યુવાઓની અનુપસ્થિતિ ઉપર ચર્ચા કરવામાં આવી હતી.

આજના સ્નેહમિલનમાં ઘટક પ્રમુખ શ્રી નરેન્દ્રભાઇ ચૌહાણ, ઉપાધ્યક્ષ શ્રી ધીરજભાઇ યાદવ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી આશાબેન ચૌહાણ અને મંત્રી શ્રીમતી ડિમ્પલબેન પરમાર અને વરીષ્ઠ સલાહકાર શ્રી અરૂણભાઇ પરમાર અને શ્રી ભાવીનભાઇ ચૌહાણ દ્વારા પોતાના વિચારો રજુ કરવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિ શ્રી હેમરાજભાઇ ચૌહાણ દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઘટકમાં થતી પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી ભાગ અને સહયોગ બદલ શ્રી મોહનભાઇ ચૌહાણને ઘટક પ્રમુખ અને મુખ્ય અતિથિ દ્વારા પ્રશંસા પત્ર આપવામાં આવ્યું. ચાલુ કારોબારી સમિતિનું કાર્યકાળ પૂર્ણ થવાથી નવી ચૂંટણી કરવામાં આવી. વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૮ માટે સામાન્ય સભાએ અધ્યક્ષ પદે ડૉ. નરેન્દ્રભાઇ જાદવજીભાઇ ચૌહાણ, મંત્રી શ્રી ધર્મશેભાઇ શિવલાલભાઇ રાઠોડ, ઉપાધ્યક્ષ શ્રી ધીરજભાઇ પ્રેમજીભાઇ યાદવ, કોષાધ્યક્ષ શ્રી અનિલભાઇ વલમજીભાઇ ચૌહાણ, વરીષ્ઠ સલાહકાર શ્રી અરૂણભાઇ મુળજીભાઇ પરમાર અને વિશેષ સલાહકાર શ્રી મિહિરભાઇ રસિકભાઇ ચૌહાણને સર્વસંમતિથી નિમણુંક કરવામાં આવ્યા હતા. નવનિર્વાચીત સદસ્યોને સામાન્ય સભાએ તાડીઓના ગડગડાટથી વધાવેલ. રમત-ગમતના વિજેતાઓને મહિલા મંડળ તરફથી ઇનામ

વિતરણ કરવામાં આવેલ. ત્યાર બાદ બધાનેએ ચિર: વિદાય લેનાર સદસ્યોને શ્રદ્ધાંજલી આપી, રાષ્ટ્રગાનના આયોજન પછી બપોરનું સ્વાદિષ્ટ ભોજન, ઘટક અને સદસ્યોના સહયોગથી કરવામાં આવેલ. લોટરી અને ગ્રુપ ફોટોના આયોજન પછી જય ભારત અને જય સમાજના ઉદ્‌ઘોષની સાથે સામાન્ય સભા સમાપ્ત કરવામાં આવેલ.

## કેંજોરગઢ ઘટક



કેંજોરગઢ ઘટક દ્વારા તા. ૩૧.૧૨.૨૦૨૫ ના રોજ સમાજવાડીમાં વિવિધ રંગારંગ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળ તથા યુવા મંડળના સંયુક્ત સહયોગથી આયોજિત આનંદ મેળો સાંજે ૭.૦૦ વાગ્યાથી શરૂ થઈ મોડી રાત સુધી ચાલ્યો હતો. આ મેળામાં ગામના તમામ સદસ્યો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ લીધો હતો તથા વિવિધ રમતોમાં ભાગ લઈ





આનંદ માણ્યો હતો. રાત્રે ૧૨.૦૦ વાગ્યે અંગ્રેજી નવા વર્ષનું ઉમંગભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે પુરી મધ્યે આયોજિત સમુહ ભાગવત કથા માં કેંજોરગઢથી જેઓએ કાર્યકર્તા તરીકે સેવા આપી હતી, તેઓ ને ઘટક તરફથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સદસ્યોની હાજરી રહી અને સમગ્ર વાતાવરણ ઉત્સવમય બન્યું હતું.

તદ્‌પરાંત, તા. ૧૧.૧.૨૦૨૬ના રોજ કેંજોરગઢ ઘટક દ્વારા પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામથી અંદાજે ૫૫ કિ.મી. દૂર આવેલા રમણીય પર્યટન સ્થળ ભીમકુંડ ખાતે આ પિકનિક યોજાઈ હતી, જેમાં આશરે ૧૦૦ જેટલા સદસ્યો જોડાયા હતા. સવારે ૯.૩૦ વાગ્યે બસ દ્વારા સૌ ભીમકુંડ પહોંચ્યા હતા. ત્યાં નાસ્તા બાદ સૌએ આ સુંદર અને કુદરતી સૌંદર્યથી ભરપૂર સ્થળનો આનંદ માણ્યો હતો તેમજ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બપોરે સૌએ મળીને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો. સાંજે ૫.૦૦ વાગ્યે ભીમકુંડથી રવાના થઈ સાંજે ૮.૦૦ વાગ્યે કેંજોરગઢ પહોંચીને સૌ સદસ્યો આનંદભેર પોતાના ઘરે જવા માટે રવાના થયા હતા.

## છત્રપતિ સંભાજીનગર ઘટક

કેજીકે છત્રપતિ સંભાજીનગર ઘટક દ્વારા આયોજીત વનભોજનનો કાર્યક્રમ તા. ૧૧-૧-૨૦૨૬ના રોજ આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં ખુબજ ઉત્સાહભેર સૌ ભાઇઓ-બહેનો, સિનિયર વડીલો, બાળકો મોટી સંખ્યામાં આનંદ માણ્યો હતો. સવારે ૧૦.૦૦ વાગે સૌના સ્વાગતમાં સીઝનના મીઠા બોર, જામફળ, ગાજર, લીલા વટાણાની મીઠાશ સાથે સ્વાગત કરેલ. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા શ્રીમતી તેજલબેન હેમંત ટાંક અને શ્રીમતી સોનિયા ભૂમિક ચાવડાએ મનોરંજન માટે




વિવિધ રમતોનું આયોજન કરેલ, સાથે હાઉઝીનો પણ આનંદ લીધો હતો. બપોરે સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવેલ.

ત્યાર બાદ સર્વ સાધારણ સભાનું આયોજન ઘટક પ્રમુખ શ્રી વિનયકાંત જે. સોલંકીની અધ્યક્ષતામાં રાખેલ. તેનું સંચાલન મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ રાઠોડએ કરેલ. મ.મંડળ પ્રમુખ શ્રીમતી પ્રિતીબેન વરૂ સાથે ઉપસ્થિત રહેલ. જેમાં જેષ્ઠ નાગરિકો માટે પંઢરપુર યાત્રાનું આયોજન કરવાનું નક્કી કરેલ. નાના બાળકોના વિવિધિ કાર્યક્રમો યોજવાનું નક્કી કરેલ. જેમાં શ્રીમાન હેમંતભાઇ ઇશ્વરલાલભાઇ મારૂનો આભાર વ્યક્ત કરેલ. તેઓએ તેમની ફેકટરીમાં કાર્યક્રમની સુંદર વ્યવસ્થા કરેલ હતી. આયોજનમાં વ્યવસ્થા સમિતિ અને રસોડા સમિતિના નિ:સ્વાર્થ સેવા આપનાર કાર્યકર્તાઓ શ્રી મનોજભાઇ ચાવડા, શ્રી જીતુભાઇ મારૂ, શ્રી યોગેશભાઇ ચાવડા, શ્રી ચેતનભાઇ ચાવડા, શ્રી દિપેશભાઇ ચૌહાણનો આભાર માન્યો હતો.

## બિલાસપુર ઘટક




બિલાસપુર ઘટકના ભવ્ય સમાજ ભવનમાં નવનિર્માણ શુભારંભ હેતુ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય શ્રી અમર અગ્રવાલનાં હસ્તે શિલાન્યાસ કરવામાં આવ્યું. આ બન્યા હતા. સમાજ ભવનમાં બધાય રૂમો એસીની સુવિધા સાથે ઉપલબ્ધ છે, હાલ સમયે વધુ રૂમોની જરૂરિયાત હોવાના કારણે નવનિર્માણ માટે ભૂમિપૂજન કરવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે આ નવનિર્માણ હેતુ ધારાસભ્ય નિધીથી રૂા. ૨૦ લાખની આર્થિક સહાય પ્રાપ્ત થઇ છે. પોતાના ઉદ્‌બોધનમાં ઘટક પ્રમુખ દ્વારા




અવસરે ઘટક પ્રમુખ 'ઘટકરત્ન' શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણ, કાર્યકારિણીનાં સમસ્ત સભ્યો, મહિલા મંડળ તથા યુવા મંડળના સભ્યો સાથે ઘટક પરિવારો પણ સાક્ષી જણાવવામાં આવ્યું કે આ અતિરિક્ત રૂમોના નિર્માણ પછી સમાજ ભવન હજુ વધુ ઉપયોગી પુરવાર થશે તથા સમાજબાંધવોને સુવિધા પ્રાપ્ત થશે. સહુની ઉપસ્થિતિને ધન્યવાદ આપતા અલ્પાહાર સાથે કાર્યક્રમ સંપન્ન થયું હતું.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સિનિયર સિટીઝન મંડળ - ગાંધીધામ













શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય ગાંધીધામ ઘટકના ધર્મ પ્રેમીઓ અને સિનિયર સિટીઝન મંડળના સભ્યો અને ૧૧,૧૨ જાન્યુઆરીના સમાજ ભવનમાં યોજાનાર સરગમ સંગીત માં કચ્છ બહારના પધારેલા મહેમાનો કે,જેવો કચ્છના માતાજીઓના મંદિરના દર્શન કરવાની ઈચ્છા હતી.

તેઓ માટેનો એક પ્રવાસ તારીખ ૧૩.૦૧.૨૬ના રાખવામાં આવ્યો હતો.આપણા શ્રી મનોજ ભાઈ દુર્ગાલાલ ભાઈ વેગડ દ્વારા આ પ્રવાસ સ્પોન્સર કરવામાં આવ્યો હતો. ગાંધીધામ સમાજ વાડી થી બસ સવારે ૭.૦૦ કલાકે ઉપડી અંજારમાં માતાજીના દર્શન કરી, સવારનો નાસ્તો, આપવામાં આવ્યો હતો.

આ પ્રવાસ અંજાર માતાજીના દર્શન કરી કુકમા ગયા હતા અને ત્યાંથી નાગોર પહોંચ્યા હતા. ત્યાર બાદ ભૂજ બપોરનું જમવાનું આપણા ભુજ બોર્ડિંગ ભવનમાં રાખવામાં આવેલ હતું. બોર્ડિંગના પ્રમુખ શ્રી દિપકભાઈ ચૌહાણ તથા તેમની ટીમ અને ભુજ ઘટકના શ્રી વિનોદભાઈ અને તેમની ટીમે જમવાની વ્યવસ્થા સારી રીતે સંભાળેલ હતી. ત્યાર બાદ માધાપર મહાસભા પ્રમુખ શ્રી અને સમાજરત્નશ્રીની ઓફિસની મુલાકાત લીધી હતી. તેમના તરફથી તમામ સિનિયર સિટીઝન સભ્યોને આઇસક્રીમની મોજ કરવી હતી. ત્યાર બાદ રેહા, જાંબુડી, ચંદિયા, નાગલપુર માતાજીના દર્શન કરીને, રાતના માનવ હોટેલમાં પાવભાજીની મોજ માણી પરત ગાંધીધામ આવ્યા હતા. સિનિયર સિટીઝન શ્રીમતી પ્રતિમાબેન પરમારના જન્મદિવસની ઉજવણી સૌ સાથે મળીને કરી હતી. સિનિયર સિટીઝન મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પરમાર, મંત્રી શ્રી અશોકભાઈ તથા ખજાનચી શ્રી જયેન્દ્રભાઈ સોલંકી એ આ પ્રવાસને સફળ બનાવવા મદદ કરી હતી.

**સૌજન્ય : શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ પરિવાર (ગાયત્રી પેટ્રોલિયમ – ગાંધીધામ**

# Congratulation




Ajmer Ghatak - It is a matter of great pride for The Kutch Gurjar Kshatriya Community that Shri **Vaibhav Sunilbhai Rathore** (age 28 yrs.), currently a resident of Dubai, has been working as a contract management professional in Dubai's leading developer company **'AZIZI'** for the last two years. Seeing his tireless hardwork, the company honored him with an award as the best Employee of the year 2025. Shri Vaibhav Sunilbhai Rathore, who received this honor, is a matter of joy and pride for our community, **Shri Vaibhav Sunil Rathore** has been working on many major development community projects which also includes Burj Azizi (World's Second Tallest Tower). This is a matter of great pride and happiness for the Ajmer (Rajasthan) Ghatak and his family.

**With Heartfelt Wishes from :**

**Lt. Suryabala - Lt. Shivlal Rathore** (Dadi-Dada)
**Mita - Sunil Rathore** (Mother - Father)
**Seema - Anil Rathore** (Chachi- Chacha)
**Hetal - Harish Rathore** (Chachi - Chacha)
**Bhumika - Kratik Rathore** (Bhabhi - Bhai)
**Pramila - Lt. Pragji Chauhan** (Nani-Nana)
**Veenal - Jignesh Chauhan** (Mami-Mama) Ahmedabad
**Contact No. 9214571815**

# Heartiest Congratulations




## Ashvi Ramesh Chauhan

Heartiest Congratulations on achieving great success. We are proud to share that our daughter

**Ashvi Ramesh Chauhan**

has been awarded
Distinction - Gold Medal
from
Vineeta Singh (CEO of Sugar Cosmetics)
in
**Master of Business Administration**
**(in International Business)**
at 09th Convocation
on 15th December 2025.
at
**Parul University** (Vadodara, Gujarat)

*Best Wishes and Blessings from*

**CHAUHAN FAMILY**

Ramesh Narottam Chauhan (Father)
Mamta Ramesh Chauhan (Mother)
Nirali Kalpesh Solanki (Sister)
Kavya Ramesh Chauhan (Sister)

# શ્રી કે.જી.કે. સરગમ મ્યુઝિક ગ્રુપ

## સહયોગ – શ્રી ગાંધીધામ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટ

**ગાંધીધામ સંગીત મિલન–૨૦૨૬ તા. ૧૦/૧૧/૧૨ જાન્યુઆરી–૨૦૨૬**

**મુખ્ય પ્રાયોજક દાતાશ્રી :** ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પી. સોલંકી, શ્રી મનોજભાઈ ડી. વેગડ

**સહયોગી દાતાશ્રીઓ :** શ્રી નિતીનભાઈ ડી. પરમાર, શ્રીમતી ચિત્રાબેન પી. ગોહિલ, ‘નારીરત્ન’ શ્રીમતી કંચનબેન જેઠવા, બ્ર.કુ. શ્રી બાબુભાઈ પરમાર, શ્રી ભોગીલાલભાઈ ચાવડા, શ્રીમતી આશાબેન પરમાર, શ્રી અરૂણભાઈ એન. ચૌહાણ



## શ્રી કે.જી.કે. સમાજ સરગમ મ્યુઝિક ગ્રુપ – ગાંધીધામ સંગીત મિલન






## સંગીતના સૂરો રેલાવનાર સરગમ મ્યુઝિક ગ્રુપના સુરીલા ગાયકો...



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

## પુરી મધ્યે આયોજીત સામાન્ય સભા તથા "મહિલા ઉદ્યોગિકા એવોર્ડ" સમારોહની તસવીર ઝલક... (તા. ૨૨/૧૨/૨૦૨૫)





















# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

## પુરી મધ્યે આયોજીત સામાન્ય સભા તથા "મહિલા ઉદ્યોગિકા એવોર્ડ" સમારોહની તસવીર ઝલક... (તા. ૨૨/૧૨/૨૦૨૫)



# 'માતૃ-પિતૃ વંદના'



**અ.સૌ. રસીલાબેન પ્રભુલાલભાઇ સોલંકી તથા શ્રી પ્રભુલાલભાઇ વેલજીભાઇ સોલંકી**

મુળ ગામ : વિડી, હાલ મુકામ : માધાપર (કચ્છ)

**તા. ૧૯/૦૧/૨૦૨૬ના શુભ દિને ''લગ્નની ૫૦મી વર્ષગાંઠે'' અભિનંદન સહ માતા-પિતાના ચરણમાં સાદર વંદન...**

**:: શુભેચ્છક પરિવારજનો ::**

**પ્રવિણા દિપેશ સોલંકી** (પુત્રવધુ-પુત્ર) **ચેતના રૂપમ સોલંકી** (પુત્રવધુ-પુત્ર)

**કાશ્મીરા વિજય રાઠોડ** (દિકરી-જમાઇ) **મીના ભાવેશ વરૂ** (દીકરી-જમાઇ) **જીજ્ઞા ચંદન ચાવડા** (દીકરી-જમાઇ)

**રૂત્વી, પ્રીત, નિર્વીશા, કિર્તન, રીત, પુજન, કથ્ય, વિહા** (પૌત્ર-પૌત્રી, દૌહિત્ર-દૌહિત્રી)

**તથા સમસ્ત સોલંકી પરિવાર**

## ગૃહસ્થ જીવનની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે હાર્દિક અભિનંદન



**અ.સૌ. ઈન્દિરાબેન ચમનલાલ ભાણજીભાઇ ચૌહાણ**

દેશમાં ગામ : માધાપર, હાલ મુકામ : સંબલપુર (ઓરિસ્સા)

અમારા પૂજ્ય પિતાશ્રી તથા માતૃશ્રી એ સાર્થક ''ગૃહસ્થ જીવનના ૬૦ વર્ષ'' પૂર્ણ કર્યા છે. ગૃહસ્થ જીવનની આનંદમય યાત્રાના ૬૦ વર્ષમાં તેમના પુરુષાર્થ અને પ્રેરણાએ અમારા સૌના જીવનને ખીલવ્યા અને સુગંધિત કર્યા. ''લગ્નની ૬૦મી વર્ષગાંઠે'' અભિનંદન સહ માતા-પિતાના ચરણમાં સાદર વંદન...

**:: શુભેચ્છક ::**

જીતેશકુમાર ચૌહાણ (પુત્ર) પૂજા ચૌહાણ (પુત્રવધુ)

વિવેક ચૌહાણ, નમન ચૌહાણ (પૌત્રા)

કુસુમ લક્ષ્મણકુમાર પરમાર (પુત્રી-જમાઇ)

## દ્વિતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. કાન્તાબેન રણછોડભાઈ વરૂ**

સ્વ. તા. ૧૫/૦૨/૨૦૨૪ મહા સુદ-૬, ગુરૂવાર, મુળ ગામ : નાગલપર, હાલ : અંજાર

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે. તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાને અમો દિપાવીશું. પરમકુપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અને સદ્ગતી પ્રદાન કરે અને મોક્ષ આપે પ્રાર્થના... ૐ શાંતિ...

**:: અમો છીએ આપના ઋણી ::**

| | |
|---|---|
| રણછોડભાઇ હિરજીભાઇ વરૂ (વરૂ સાહેબ) (અંજાર) | પતિ |
| રૂપલબેન સુશીલભાઇ વરૂ (અમદાવાદ) | પુત્રવધુ-પુત્ર |
| સુષ્માબેન રાજેશભાઇ વરૂ (અંજાર) | પુત્રવધુ-પુત્ર |
| સ્નેહલતાબેન રણછોડભાઇ વરૂ (હૈદ્રાબાદ) | પુત્રી |
| કુસુમબેન કૃણાલભાઇ ટાંક (માર્કાપુર) | પુત્રી-જમાઇ |
| સ્વરૂપ, યશ્વી, ગાર્ગી, મેઘા | પૌત્રા-પૌત્રી |
| હાર્દિક, ધૈર્યા, નિત્યા, કાન્તા | દોહિત્ર-દોહિત્રી |

**R.R. Varu Construction** (Govt. App.Contractor)

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ**

# નારી દર્પણ



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411


C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)




શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

## ૮ માર્ચ – વિશ્વ મહિલા દિવસ સપ્તાહની ઉજવણી

આગામી તા. ૮ માર્ચ–૨૦૨૬ના રોજ આવતા વિશ્વ મહિલા દિવસના ઉપક્રમે **તા. ૯/૩ થી તા. ૧૫/૩/૨૦૨૬ સુધી ''વિશ્વ મહિલા દિવસ સપ્તાહ''**ની ઉજવણી **શ્રી ક.ગુક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ તથા અ.ભા.યુવા મહામંડળ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે.** આ ઉજવણી દરમિયાન વિવિધ સ્પર્ધાઓ, રમતો, ફેન્સી ડ્રેસ, ક્વીઝ, સ્વાસ્થ્ય એન્ત્રપ્રેન્યોરશીપ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેની વિગતવાર માહિતી ટુંક સમયમાં આપવામાં આવશે.

તો ચાલો, યુવતીઓ... મહિલાઓ... થઇ જાવ તૈયાર ! અને વુમન્સ વીકની ઉજવણીમાં ભાગ લ્યો..
વિધાતાના નવનિર્માણની કલાકૃતિ તું એક દિવસ તો તારા અસ્તિત્વની ઉજવણી કર તું...

**:: વિનિત ::**

**ટીમ અ.ભા.મહિલા મહામંડળ તથા અ.ભા.યુવા મહામંડળ**

# અ.ભા. મહિલા મહામંડળની સામાન્ય સભામાં મહિલા ઉદ્યોગિકા એવોર્ડ સન્માન યોજાયું




જગન્નાથપુરી મધ્યે આયોજીત મહાસભાના વાર્ષિક અધિવેશન તા. ૨૧,૨૨,૨૩ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન તા. ૨૨/૧૨/૨૫ના રોજ અખિલ ભારતીય મહિલા મહામંડળની સામાન્ય સભાનું આયોજન પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતું. તેમની સાથે મંચ પર સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, ઉપપ્રમુખ શ્રીમતી મીનાબેન વેગડ, પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ટાંક, ઉપપ્રમુખ શ્રીમતી પુનમબેન ટાંક, પૂર્વ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન પરમાર, ઝોનલ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચાવડા, સલાહકાર શ્રીમતી મીતાબેન રાઠોડ, પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી ભૂમિકાબેન વરૂ, સલાહકાર શ્રીમતી અનસુયાબેન પરમાર, કટક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ઇલાબેન,



ભૂવનેશ્વર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નુતનબેન રાઠોડએ પોતાનું સ્થાન શોભાવ્યું હતું.

મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે સૌને આવકાર આપી સભાનું સંચાલન સંભાળ્યું હતું. ત્યાર બાદ હિસાબોની રજુઆત, બહેનોને ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિઓની ચર્ચા સાથે વિવિધ મહિલા મંડળો અને પ્રાદેશિક મહિલા મંડળો દ્વારા થયેલ પ્રવૃત્તિઓનો તેમના પદાધિકારીશ્રીઓ દ્વારા અહેવાલ પ્રસ્તુત કરવામાં આવેલ હતો. સૌ બહેનોએ ખુબજ ઉત્સાહિત બની દરેક પ્રસ્તુતિનો લાભ લીધો હતો. શ્રીમતી અમિતાબેન સોલંકી, શ્રીમતી જ્યોતિબેન, શ્રીમતી પુષ્પાબેન, શ્રીમતી મીતાબેન તથા શ્રીમતી મીનાબેને પોતાના પ્રાસંગીક ઉદ્‌બોધનમાં બહેનો દ્વારા થતી વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓને બિરદાવી હતી તેમજ અ.ભા.મહિલા મહામંડળના દરેક આયોજનની પ્રશંસા કરી હતી. ખજાનચી શ્રીમતી રૂનાબેન ચૌહાણે હિસાબો રજુ કરી મહિલા મહામંડળની આર્થિક સ્થિતિનો ચિતાર આપેલ હતો. અધ્યક્ષ સ્થાનેથી શ્રીમતી ગીતાબેન ચૌહાણે અત્યાર સુધી થયેલી ઓનલાઇન અને ઓફલાઇન પ્રવૃત્તિઓની માહિતિ આપી હતી તેમજ દરેક આયોજનોમાં ઉત્સાહભેર જોડાઇ સહકાર આપવા બદલ તમામ હોદ્દેદારો અને બહેનોનો આભાર માનેલ હતો. આગામી પ્રવૃત્તિઓની જાણકારી આપેલ હતી. સંચાલન અને આભારવિધી મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ કરેલ હતી.

ત્યાર બાદ મહાસભાના આદ. પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી પધારતાં તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ હતું. તેઓશ્રીએ અ.ભા.મહિલા મહામંડળ દ્વારા થતી પ્રવૃત્તિઓ બદલ પોતાની ખુશી વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી હતી. આપણા સમાજની એવી ઉદ્યોગ સાહસી બહેનો કે જેમણે સંઘર્ષ અને મહેનત કરી નાના-મોટા ઉદ્યોગ સ્થાપી તેનું સંચાલન કરે છે તેમનું ''મહિલા ઉદ્યોગિકા એવોર્ડ''અર્પણ કરી સન્માન કરવામાં આવેલ હતું. સામાન્ય સભા અને એવોર્ડ વિતરણ સમારોહમાં મંત્રી શ્રીમતી ઉષાબેન નવીનભાઇ ચૌહાણ, સહમંત્રી શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઇ વરૂ, મંત્રી શ્રીમતી સીમાબેન ચાવડાએ સહયોગ આપેલ હતો. (મહિલા ઉદ્યોગિકા એવોર્ડ સન્માનની વધુ વિગતો આવતા અંકે....)

## આદિપુર મહિલા મંડળ

આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન તા. ૦૬-૧૨-૨૦૨૫ના રોજ જાગૃતિબેન પરમારના ઘરે કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના તેમજ હાઉઝી ગેમ રમેલ તેમજ જાગૃતિબેને ૧ મિનિટ ગેમનું આયોજન કરેલ. જેમાં પ્રથમ કિર્તીબેન પઢિઆર અને બીજા ક્રમે અરૂણાબેન ટાંક આવેલ. બંને બહેનોને તેમના તરફથી ગીફ્ટ આપવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર લઇ બધા છુટા પડ્યા હતા.



## મુંબઇ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઈ મહિલા મંડળ પશ્ચિમ વિભાગની સત્ર ૨૦૨૩ થી ૨૦૨૫ની છેલ્લી મીટીંગ મુંબઈ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કુસુમબેન હેમરાજભાઈ પરમારના નિવાસ્થાને તારીખ ૧૦ /૧/ ૨૦૨૬ ના રાખવામાં આવેલ હતી. આ પ્રસંગે શ્રીમતી કુસુમબેને અન્નકૂટના મનોરથનું આયોજન કર્યું હતું. સવારના ૧૧:૦૦ વાગ્યાથી ૪૦થી વધારે બહેનો અન્નકૂટ માટે ભાવથી પ્રસાદી ઘરેથી બનાવીને લાવેલ. તેની ભગવાન સમક્ષ સુંદર ગોઠવણી કર્યા બાદ બહેનોએ ભજનો, સ્તોત્રો, થાળ અને ત્યારબાદ ભગવાનની આરતી ઉતારવામાં આવેલ હતી. આવા પવિત્ર અને મંગલમય વાતાવરણમાં સૌએ અન્નકૂટના પ્રસાદ નો લાભ લીધો હતો.

બપોરે ૨:૦૦ વાગે મીટીંગ ની શરૂઆત કરવામાં આવેલ હતી. તેમાં સૌપ્રથમ મુંબઈ મહિલા મંડળ ના ખજાનચી શ્રીમતી દર્શનાબેને ગત સત્રના પૈસાનો હિસાબ આપેલ હતો. ત્યારબાદ શ્રીમતી કુસુમબેને પુષ્પગુચ્છ દઈને પોતાના પદાધિકારીઓનો સન્માન કર્યું હતું. સત્ર ૨૦૨૬ થી ૨૦૨૮ માટે મુંબઈના પ્રમુખ પદ માટે શ્રીમતી જ્યોતિબેન રાજેશભાઈ ચાવડાની સર્વાનુમત્તે નિયુક્તિ કરવામાં આવેલ છે. તેમણે તેમના કમિટીના મેમ્બરો, સલાહકારો અને કારોબારી સભ્યોને નિયુકત કરેલ છે, તે સૌનું પણ સ્વાગત કરવામાં આવેલ.

તાજેતરમાં જ મકરસંક્રાંતિનો ઉત્સવ હોવાથી શ્રીમતી કુસુમબેન તરફથી હલ્દી કુમકુમ અને તીલગુળ નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. શ્રીમતી કુસુમબેન તરફથી સૌ બહેનોને ઉપયોગી થાય એવી ભેટ પણ આપવામાં આવેલ હતી.

દિવાળી સ્નેહ સંમેલન વખતે મુંબઈ ઘટક તરફથી શ્રીમતી હરીબેન ને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ મળેલ હતો, તેમનું પણ આ પ્રસંગે ભેટ દઈને સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ બહેનોએ પોતાના સુજાવ આપેલ હતા. મહિલા મંડળની બહેનોએ શ્રીમતી કુસુમબેન ના સક્રિય, ઉત્સાહી અને સફળ નેતૃત્વ માટે ખૂબ ખૂબ ધન્યવાદ આપેલ અન્નકૂટનું અને મીટીંગ નું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ તેમનો આભાર માનવામાં આવેલ હતો. ત્યારબાદ ચા-પાણી પીને સૌ બહેનોએ વિદાય લીધી હતી.

## રાયપુર મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય રાયપુર ઘટક મહિલા મંડળ દ્વારા તા. ૮-૧-૨૦૨૬ના રોજ સિયાદેવી (બાલોદ) સાથે તાંદુલા ડેમમાં પિકનિકનું આયોજન કરવામાં આવેલ. સવારે ૭ વાગે સમાજ ભવનથી બે બસ દ્વારા લગભગ ૭૦ બહેનો દ્વારા સિયાદેવી પહોંચી માતાજીના દર્શન કરી વોટર ફોલનું આનંદ લીધેલ. મંડળ દ્વારા હૌઝી અને ગેમ્સ રમાડવામાં આવેલ હતી.

ત્યાર બાદ મંડળ દ્વારા સવારનો નાસ્તો જલેબી-પોહા અને બપોરે સ્વાદિષ્ટ ગરમાગરમ ભોજન ભાત, સાક, લાપસી, પુરીનું આનંદ લીધેલ સાથે સાંજે ચાની પણ વ્યયવસ્થા રાખવામાં આવેલ હતી. ત્યાર બાદ બહેનોએ અંતાક્ષરી અને રાસગરબાનું પણ આનંદ લીધેલ. પછી સર્વે બહેનો બસથી તાંદુલા ડેમ પહોંચી બોટીંગનું આનંદ લીધું. સાંજે ૮.૦૦ વાગે સમાજ ભવન પહોંચી સર્વે બહેનો છુટા પડ્યા હતા.

ત્યારબાદ મકરસંક્રાતના ૧૫ જાન્યુઆરી રોજે મહિલા મંડળ દ્વારા ખિચડાનું આયોજન કરવામાં આવેલ. સર્વપ્રથમ હનુમાન ચાલિસાનું પાઠ કરી ભગવાનને ભોગ ધરાવી સર્વે બહેનોએ એકબીજાને હલ્દી કુમકુમ લગાડી સંક્રાંતિ પર્વની બધાઇ આપી. મહિલા મંડળ દ્વારા એક સમ્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ. જેમાં મહાસભા પ્રેરિત, રાયપુર ઘટક સહકારિત ઓડીસા પ્રાદેશિક સમિતિ આયોજીત શ્રીમદ્ ભાગવત કથા



જ્ઞાનયજ્ઞ પુરી ધામમાં જે પણ રાયપુરના ભાઇઓ અને બહેનોએ સહયોગ આપેલ હતો તેમનું વિશેષરૂપે સમ્માન કરવામાં આવેલ. જેમાં ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ, સેવા સમિતિ પ્રમુખ શ્રી ભરતભાઇ, સેવા સમિતિ ઉપપ્રમુખ શ્રી વિનોભાઇ ટાંક, મહાસભાના અધિવેશન વ્યવસ્થા માટે શ્રી હિતેશભાઇ વરૂ, પૂજાની પૂરી વ્યવસ્થા માટે શ્રી ધર્મેન્દ્રભાઇ ચાવડા, શ્રી મહેશભાઇ ટાંક, રસોડા વિભાગ સેવામાં શ્રી રમેશભાઇ ચાવડા, ધીરૂભાઇ પરમાર, યુધીરભાઇ, ભરતભાઇ રાઠોડ એ સેવા આપેલ.

તેમનું સમ્માન મંડળ દ્વારા કરવામાં આવેલ. સાથે જ રાયપુર મહિલા મંડળની જે પણ બહેનો સગપણ સંમેલનમાં મેન્ટર રૂપે સેવા આપેલ તેમનું પણ સન્માન કરવામાં આવેલ. આ સમ્માનની કડીમાં અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા મહિલા ઔદ્યોગિકા એવોર્ડ પૂરી મધ્યે સન્માનિત રાયપુરના શ્રીમતી ભાવના હિતેશભાઇ વરૂ અને મહિલા મંડળના પાયલબેન પ્રફુલ્લભાઇ ટાંક જે એક સફળ ડેરીનું સંચાલન કરે છે તેમનું પણ સમ્માન મંડળ દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ સર્વે ભાઇઓ એવં બહેનોએ ખિચડાની પ્રસાદીનું આનંદ મેળવ્યા બાદ અંતમાં રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ.

## જબલપુર મહિલા મંડળ



આજે મકરસંક્રાંતિ નિમિત્તે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જબલપુર મહિલા મંડળ દ્વારા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચંચલબેન યાદવ અને મંત્રી શ્રીમતી સોનિયા પરમાર અને શ્રીમતી યોગીતા ટાંકની ઉપસ્થિતિમાં મકરસંક્રાંતિના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ચેતનાબેન રાઠોડ અને કીર્તિ રાઠોડે તથા સર્વે પદાધિકારીઓએ હળદર અને કુમકુમનું તિલક કર્યું હતું અને ગીફ્ટ આપવામા આવ્યું. ત્યારબાદ સૌએ હાઉજી અને ભરપૂર મનોરંજન અને રમતોની મજા માણી હતી. બાળકોનો ઉત્સાહ પણ જોવાલાયક હતો. પતંગો દ્વારા કરવામાં આવેલ શણગાર કાર્યક્રમ ખૂબ જ આકર્ષક લાગતો હતો. જેમાં ચિત્રાબેન ખોડિયાર, દીપિકાબેન રાઠોડ આદિના સહયોગથી આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો.

મહિલા મંડળ દ્વારા મકરસંક્રાંતિનો પવિત્ર તહેવાર ખૂબ જ ઉત્સાહ અને ધૂમધામથી ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે તમામ



સભ્ય મહિલાઓ પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને હાજર રહી હતી. કાર્યક્રમની શરૂઆત દીપપ્રજ્વલન અને પ્રાર્થના સાથે કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન સૌએ પરસ્પર શુભેચ્છાઓ પાઠવી અને તિલગુલ ધ્યા, ગોડ ગોડ બોલાના સંદેશ સાથે તહેવારની ખુશી વહેંચી.

સમગ્ર વાતાવરણ આનંદ, એકતા અને પરંપરાગત સંસ્કૃતિથી ભરપૂર રહ્યું. આ ઉત્સવ દ્વારા મહિલા મંડળે સામૂહિકતા, સાંસ્કૃતિક મૂલ્યો અને પરંપરાઓને જાળવવાનો સુંદર પ્રયાસ કર્યો, જે સૌ માટે પ્રેરણારૂપ બન્યો. આમાં લીનાબેન પરમાર રેખાબેન પરમાર રૂપલ પરમાર, કીર્તિબેન રાઠોડ ,ચેતનાબેન રાઠોડ પારૂલ બેન ચૌહન આધીનો સહયોગ પ્રાપ્ત થયો તેમનો ખૂબ ખૂબ ધન્યવાદ.

## અમદાવાદ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અમદાવાદ ઘટકનું સ્નેહમિલન તા. ૨-૧૧-૨૦૨૫, રવિવારના રોજ નરોડા પાટીયા પટેલ વાડીમાં રાખવામાં આવેલ હતું. સવારે ૯.૩૦ વાગ્યેથી ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળ દ્વારા દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મહિલા મંડળ તરફથી સ્પર્ધાઓ રાખવામાં આવેલ હતી. બપોરે બધા મળીને ભોજનનો આનંદ લીધો હતો. પછી મહિલા મંડળ તરફથી હાઉસી રમાડવામાં આવી હતી. ઘટક તરફથી વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવ્યા હતા. સાંજે ચા-અલ્પાહાર લઇને બધા છુટા પડ્યા હતા.

મહિલા મંડળ તરફથી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં કપલ રીલ : પ્રથમ - શ્રીમતી જલ્પાબેન અમીતભાઇ ચૌહાણ, શ્રીમતી પ્રતિમાબેન કીરીટભાઇ ચૌહાણ, દ્વિતીય - શ્રીમતી મીરાબેન હર્ષદભાઇ ચાવડા, કુમારી હાર્દીની હર્ષદભાઇ ચાવડા, હેલ્ધી સુપ એન્ડ સલાડ : પ્રથમ - શ્રીમતી ભાવિતાબેન અમીતભાઇ ચાવડા, દ્વિતીય - શ્રીમતી જલ્પાબેન અમીતભાઇ ચૌહાણ, તૃતિય - શ્રીમતી હનિષાબેન કૃણાલભાઇ ચાવડા, નારીયેળ સજાવટ : પ્રથમ - શ્રમતી દીસીબેન દિપકભાઇ ચાવડા, દ્વિતીય - શ્રીમતી કોમલબેન વિપુલભાઇ ચૌહાણ, તૃતિય - શ્રીમતી મીરાબેન હર્ષદભાઇ ચાવડા.

## મીઠાપુર મહિલા મંડળ

તા. ૦૪-૦૧-૨૦૨૬ના મીઠાપુર મહિલા મંડળે શ્રીમતી કવિતાબેન ચૌહાણના ઘરે ઓળા રોટલાનો પ્રોગ્રામ રાખેલ હતો. સાંજે ૭.૦૦ વાગ્યે બધાય કવિતાબેનના ઘરે ભેગા થયા હતા. કવિતાબેને ખુબજ સરસ વ્યવસ્થા કરી હતી. તેમણે ખાટલા-ખુરશી તથા ઠંડી હોવાથી તાંપણાની પણ વ્યવસ્થા કરી હતી. નાના-મોટા થઇને ૪૫ જેવી સંખ્યા થઇ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં બધાએ ભેગા મળીને તંબોલા ગેમ રમ્યા હતા અને ખુબજ મોજ-મસ્તી, આનંદ માણેલ હતો. ત્યાર બાદ બધાએ ઓળા-રોટલા, સલાડ, પાપડ, મરચાં, ગોળ-ઘી, છાશની મજા માણી હતી. ત્યારબાદ મહિલા મંડળની બહેનોએ



આગામી કાર્યક્રમની ચર્ચા કરી હતી અને છેલ્લે આનંદ-ઉલ્લાસ સાથે બધા છુટા પડ્યા હતા.

## ગાંધીધામ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળ દ્વારા તા. ૧૬-૧૨-૨૦૨૫ના મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મોનાબેન નિતીનભાઇ પરમારના અધ્યક્ષ સ્થાનેથી મિટીંગ રાખવામાં આવેલ હતી. 'ટેલેન્ટેડ સિસ્ટરર્સ' ગ્રુપ દ્વારા ખુબ સરસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. આ ગ્રુપ દ્વારા પ્રથમવાર મહેંદી હરીફાઇ રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ રિતીધાબેન ચૌહાણ, દ્વિતીય નિકીતાબેન જેઠવા અને તૃતિય હીનાબેન ટાંક વિજયી થયા હતા. ત્યાર બાદ સવિતાબેન ટાંક દ્વારા ખુબ સરસ રીતે આજના સમયના હિસાબે આપણે પોતાને કેમ શાંત રાખી શકીએ ? તે સમજાવ્યું હતું. ત્યાર બાદ ખુબ મસ્ત ગ્રુપ ગેમ રમાડવામાં ાવેલ. જેમાં પ્રથમ વર્ષાબેન ચૌહાણ, દ્વિતીય જલ્પાબેન પરમાર વિજેતા રહેલ. ત્યાર બાદ સ્પર્ધા અને રમતમાં વિજેતા બહેનોને ઇનામ આપવામાં આવેલ અને સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોને આશ્વાસન ઇનામ આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ સર્વે ટેસ્ટી અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

## વર્ધા મહિલા મંડળ

વર્ધા મહિલા મંડળ દ્વારા ૧૫ /૧/ ૨૦૨૬, ગુરુવારના રોજ શ્રી જેઠવા નિવાસમાં મકરસંક્રાંતિનું કાર્યક્રમ ઉજવવામાં આવ્યું હતું. શરૂઆતમાં શ્રી ગણેશ વંદના અને શ્રી હનુમાન ચાલીસાનો પાઠ કર્યો હતો. ખૂબજ સરસ રીતે નાના બાળકોના ગેમ અને મહિલાઓ પણ હોસે હોસે ગેમ રમ્યા હતા. સમાજ તરફથી પુરસ્કાર આપવામાં આવેલ હતા. વર્ધા ઘટક મહિલા મંડળ દ્વારા રાત્રી ભોજનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે સમાજ ભાઈ બહેનોએ ભોજનનો આનંદ લીધો હતો. મહિલા મંડળ પ્રમુખ શ્રી જ્યોતિબેન જેઠવા અને મંત્રી શ્રી નેતલબેન ચૌહાણે પુરા સમાજનો આભાર માન્યો હતો.





## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ,
રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ**

# યુવા મંચ



**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક**
250, સી.એ. રોડ, આંબેડકર સ્ક્વેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



**વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક**
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.

## ચાલો, સ્વસ્થ જીવન તરફ એક મજબૂત પગલું લઈએ !

અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા સમાજના તમામ સભ્યોના સર્વાંગી સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને એક સુંદર અને ઉપયોગી પહેલ શરૂ કરવામાં આવી રહી છે. આજના વ્યસ્ત અને બેઠાડુ જીવનમાં સ્વાસ્થ્ય જાળવવું અત્યંત આવશ્યક બન્યું છે. આ હેતુસર, આપણે સૌને નિયમિત રીતે ચાલવાની ટેવ પાડવામાં આવે અને તેને જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બનાવવામાં આવે, તે માટે આ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ માત્ર ચાલવાનો નથી, પરંતુ સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો એક સંકલ્પ છે. નિયમિત ચાલવાથી શરીર તંદુરસ્ત રહેશે, મન પ્રસન્ન રહેશે અને જીવનમાં નવી ઊર્જાનો સંચાર થશે. ચાલવું એ સરળ છતાં અત્યંત અસરકારક વ્યાયામ છે, જે દરેક વયના વ્યક્તિ માટે લાભદાયી છે.

તો હવે સમય આવી ગયો છે કમર કસી ને સ્વાસ્થ્ય માટે પ્રતિબદ્ધ થવાનો. તમારી દૈનિક દોડધામમાંથી થોડો સમય કાઢી, ચાલવા માટે તૈયાર થઈ જાવ અને આ સકારાત્મક અભિયાનનો ભાગ બનો.

**કાર્યક્રમ સંબંધિત વધુ વિગત, સમયસૂચિ અને અન્ય જરૂરી માહિતી ટૂંક સમયમાં વોટ્સએપ ગ્રુપ મારફતે શેર કરવામાં આવશે. તેથી જોડાયેલા રહો અને સ્વસ્થ જીવન તરફના આ સફરમાં અમારી સાથે ચાલો.**

ચાલો સાથે ચાલીએ, સ્વસ્થ રહીએ અને સમાજને સ્વસ્થ બનાવીએ!

# અખિલ ભારતીય યુવા મહામંડળ વાર્ષિક બેઠકનો વિસ્તૃત કાર્યવાહી અહેવાલ

**તારીખઃ ૨૨ ડિસેમ્બર ૨૦૨૫, સ્થળ : જગન્નાથપુરી**

અખિલ ભારતીય યુવા મહામંડળની વાર્ષિક બેઠક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ જગન્નાથ પુરી ખાતે અત્યંત સફળ અને ઐતિહાસિક રીતે આયોજિત થઈ. બેઠકમાં અખિલ ભારતીય મહાસભા, મહિલા મહામંડળ, યુવા મહામંડળના પ્રમુખશ્રીઓ, પદાધિકારીઓ, વિવિધ પ્રદેશિક સમિતિઓના પ્રતિનિધિઓ તથા દેશભરના સભ્યો ઉપસ્થિત રહ્યા.

બેઠકની શરૂઆત યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી હિમાંશુભાઇ વેગડ દ્વારા કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત તમામ મહેમાનો, પદાધિકારીઓ અને પ્રતિનિધિઓનું સ્વાગત કરવામાં આવ્યું.

બેઠક દરમિયાન યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી દાનિશભાઇ રાઠોડ દ્વારા નવા બંધારણના તમામ મુદ્દાઓ રૂબરૂમાં વાંચીને ઉપસ્થિત સૌને સમજાવવામાં આવ્યા. બંધારણ બેઠકમાં રૂબરૂ વાંચન, ખુલ્લી ચર્ચા અને પ્રશ્નોતરી બાદ કોઈપણ પ્રકારના વિરોધ અથવા વાંધા વિના ૧૦૦% સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું. આ નિર્ણય અખિલ ભારતીય યુવા મહામંડળ માટે એક ઐતિહાસિક માઈલસ્ટોન સાબિત થયો.

અખિલ ભારતીય મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી સાહેબે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે નવું બંધારણ માત્ર નિયમોની પોથી નથી, પરંતુ આવનારી પેઢીઓ માટેનું મહત્વપૂર્ણ પાયો છે. તેમણે કહ્યું કે આજની યુવા પેઢી પાસે વિચારશક્તિ, ઊર્જા અને નેતૃત્વક્ષમતા છે, અને યોગ્ય બંધારણ દ્વારા આ શક્તિનો સકારાત્મક દિશામાં ઉપયોગ કરી શકાય છે. તેમણે યુવા મહામંડળની ટીમ, બંધારણ સમિતિ તથા તમામ પ્રદેશિક સમિતિઓની પ્રશંસા કરી અને જણાવ્યું કે સર્વસંમતિથી

લેવાયેલા નિર્ણયો સંગઠનની પરિપક્વતા અને એકતાનું ઉત્તમ ઉદાહરણ છે. અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે નવા બંધારણમાં યુવતીઓને યોગ્ય પ્રતિનિધિત્વ, જવાબદારી અને ભાગીદારી આપવામાં આવી છે, જે સમયની ખૂબ મોટી જરૂરિયાત હતી. તેમણે કહ્યું કે આ બંધારણ યુવા મહામંડળને વધુ સક્રિય બનાવી સમાજસેવામાં અને સંગઠનના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકશે. સાથે યુવા મહામંડળની ટીમ મહિલા મહામંડળ સાથે મળી આગામી દિવસોમાં નવા કાર્યક્રમો કરે તેવી ઇચ્છા વ્યક્ત કરી. તેમણે યુવા મહામંડળ અને બંધારણ સમિતિને તેમના અવિરત પરિશ્રમ બદલ ખૂબ અભિનંદન પાઠવ્યા. અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંકે પોતાના વિશેષ ભાષણમાં નવું બંધારણ તૈયાર થવાની સમગ્ર પ્રક્રિયા તથા તેના પાછળના હેતુઓને ખૂબ સ્પષ્ટતા સાથે રજૂ કર્યા. તેમણે જણાવ્યું કે નવું બંધારણ તૈયાર કરતી વખતે પારદર્શિતા અને સર્વસમાવેશકતાનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો હતો. તે માટે અખિલ ભારતીય મહામંડળના પ્રમુખશ્રી, અખિલ ભારતીય મહાસભાના તમામ હોદ્દેદાર સભ્યો, યુવા મહામંડળના સભ્યો, પ્રાદેશિક યુવા મહામંડળ, સ્થાનિક યુવા મંડળ તેમજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના દરેક સભ્ય પાસેથી સૂચનો અને અભિપ્રાયો માંગવામાં આવ્યા હતા, જેથી બંધારણ વધુ પારદર્શક, મજબૂત અને સર્વમાન્ય બની શકે.

તેમણે જણાવ્યું કે વર્ષ ૧૯૯૩ પછી આજદિન સુધી બંધારણમાં કોઈ સુધારો થયો ન હતો, જ્યારે સમય અને પરિસ્થિતિ અનુસાર સુધારાઓ અત્યંત જરૂરી બની ગયા હતા. અગાઉના પ્રમુખોએ પ્રયાસ કર્યો હોવા છતાં અનેક પડકારો અને પરિસ્થિતિઓને કારણે તે શક્ય બન્યું ન હતું. હાલની ટીમે લગભગ ૬ મહિનાની સતત મહેનત, ૭ સભ્યોની કોર કમિટી, અનેક ઑનલાઇન તથા ઑફલાઇન બેઠકો, તેમજ તમામ પ્રદેશિક સમિતિઓ, મહિલા મહામંડળ અને યુવા મહામંડળ પાસેથી સૂચનો મેળવી નવું બંધારણ તૈયાર કર્યું. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે દરેક મુદ્દા પર ચર્ચા કરી, દરેક પ્રશ્નનો જવાબ આપીને અને કોઈપણ પ્રકારના વિરોધ વિના ૧૦૦% સર્વસંમતિથી નવું બંધારણ મંજૂર કરવામાં આવ્યું, જે સંસ્થાના ઇતિહાસમાં એક ઐતિહાસિક ક્ષણ છે. તેમણે પોતાના વ્યક્તિગત અનુભવ શેર કરતા જણાવ્યું કે તેમના કાર્યકાળના પ્રથમ વર્ષ દરમિયાન અનેક અવરોધો અને પડકારોનો સામનો કરવો પડ્યો, જેના કારણે કાર્ય કરવું અત્યંત મુશ્કેલ બની ગયું હતું. આ અનુભવને ધ્યાનમાં રાખીને તેમણે નક્કી કર્યું કે સંગઠનમાં એવા માળખાગત સુધારા લાવવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈપણ આવનાર પ્રમુખને આવા અવરોધોનો સામનો ન કરવો પડે અને તેઓ કોઈપણ પ્રકારની રાજનીતિ વિના સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે.

શ્રી ગૌરવભાઈએ સ્પષ્ટ જણાવ્યું કે આ વિચારસરણીના આધારે નવું બંધારણ એવું રચવામાં આવ્યું છે કે જેમાં સ્પષ્ટ નિયમો, નિર્ધારિત જવાબદારીઓ અને સરળ પ્રક્રિયાઓનો સમાવેશ થાય, જેથી સંગઠનની કામગીરી વધુ અસરકારક અને પારદર્શક બની શકે.

બેઠક દરમિયાન સભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપતા શ્રી ગૌરવભાઈએ જણાવ્યું કે, આવનારા મહિનાઓમાં તેમની કોર કમિટીની મીટિંગ બાદ તેમની ટીમ ચોક્કસપણે કચ્છયાડ કેવી રીતે આયોજન કરી શકાય તે અંગે વ્યાવહારિક અને વ્યવસ્થિત વિચાર સાથે આગળ આવશે, અને આ વિષય પર યોગ્ય આયોજન કરવામાં આવશે. તેમણે પુનઃદઢ વિશ્વાસ વ્યક્ત કર્યો કે નવું બંધારણ સમગ્ર સંગઠનને મજબૂત બનાવશે અને આવનારી પેઢીઓ માટે સ્થિર, પારદર્શક અને પ્રગતિશીલ માળખું પૂરું પાડશે.

અંતમાં શ્રી ગૌરવભાઈએ તમામ પ્રદેશિક પ્રમુખો, બંધારણ સમિતિ તથા કોર ટીમના સભ્યો, તેમજ બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે પૂરી બેઠક દરમિયાન સૌએ જે સહયોગ અને સમર્થન આપ્યું છે, તે વિના યુવા મહામંડળ માટે આ ઐતિહાસિક કાર્ય શક્ય બન્યું ન હોત. તેમણે સૌના વિશ્વાસ, એકતા અને સકારાત્મક દૃષ્ટિકોણ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતા કહ્યું કે યુવા મહામંડળ હંમેશા સમાજ અને સંગઠનના હિતમાં નિષ્ઠાપૂર્વક કાર્ય કરતું રહેશે.

બેઠક દરમિયાન વિવિધ પ્રદેશિક સમિતિઓ દ્વારા તેમના વાર્ષિક કાર્ય અહેવાલ રજૂ કરવામાં આવ્યા જેમાં છત્તીસગઢ પ્રદેશિક સમિતિ પ્રમુખશ્રી ચંદ્રેશભાઇ ટાંક દ્વારા લોનમેલા, આર્થિક માર્ગદર્શન અને યુવાનોને સશક્ત બનાવતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. વિદર્ભ પ્રદેશિક સમિતિ પ્રમુખશ્રી નિતેશભાઇ ચૌહાણ દ્વારા ૫૦થી વધુ વૃક્ષારોપણ કાર્યક્રમો સહિત પર્યાવરણ સંરક્ષણની પ્રવૃત્તિઓ કરવામાં આવી. ગુજરાત પ્રદેશિક સમિતિ પ્રમુખશ્રી નિલેશભાઈ સોલંકી દ્વારા અનેક નવીન પ્રોજેક્ટ્સ, આદાનપ્રદાન કાર્યક્રમો, સામાજિક ઉત્સવો અને યુવાનોને જોડતા અભિયાન સફળતાપૂર્વક અમલમાં મુકાયા. અન્ય પ્રદેશિક સમિતિઓએ પણ તેમની પ્રવૃત્તિઓ અને ભવિષ્યની યોજનાઓ રજૂ કરી.

ત્યારબાદ, યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી ઇશિતાબેન ટાંકે પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે યુવતીઓની યુવા મહામંડળમાં સક્રિય ભાગીદારી અત્યંત જરૂરી છે. તેમણે સ્પષ્ટ રીતે જણાવ્યું કે યુવતીઓ માત્ર નામમાત્રની હાજરી પૂરતી સીમિત ન

રહે, પરંતુ સંપૂર્ણ જવાબદારી સાથે સંગઠનના કાર્યોમાં જોડાઈ જોઈએ. તેમણે જણાવ્યું કે નવા બંધારણની રચના અને બેઠક દરમિયાન થયેલી ચર્ચાઓમાં મહિલાઓએ સક્રિય રીતે ભાગ લીધો છે અને યુવતી પદાધિકારીઓને સ્થાન આપવામાં આવવું એક મહત્વપૂર્ણ અને દુરદર્શી નિર્ણય છે. આ નિર્ણયથી સંસ્થામાં સંતુલન, પારદર્શિતા અને વ્યાપક દષ્ટિકોણ વિકસશે.

